

આત્મશક્તિમાં–સ્વભાવમાં ભૂલની ગંધ જ નથી અને પર્યાયની ભૂલને અમે જોતાં નથી. સદોષદશાને અમે નથી જોતાં, અમે તો પવિત્ર સ્વભાવને જ જોઈએ છીએ.

—ક્ષમાસાગર ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવ

કહાન સં. ૧૫ સં. ૨૦૫૧ (૬૨૩) ✻ આત્મધર્મ ✻ (અંક-૩ વર્ષ-૫૩) વીર સં. ૨૫૨૧ સપ્ટેમ્બર, ૧૯૯૫

# 卐 આગમ-મહાસાગરનાં અણુમૂલાં રત્નો 卐

* સમ્યગ્દર્શનકી નિર્મલ દૃષ્ટિ જબ પ્રકાશિત હોતી હૈ તબ અહિતકારી પર્યાય સંબંધી રાગ-દ્વેષાદિ મલ દિખલાઈ નહિ દેતે હૈં. ઇસીકી સહાયતાસે હી કેવલજ્ઞાન પૈદા હોતા હૈ. ઇસકે અભ્યાસકો ચલાનેસે પરદ્રવ્યકે નિમિત્તસે હોનેવાલે ભાવ દૂર હો જાતે હૈં. ૪૨૮.

(શ્રી તારણસ્વામી, ઉપદેશ-શુદ્ધસાર, શ્લોક–૫૫૩)

* જગતમાં જે કોઈ જેવડી વસ્તુ જે કોઈ જેવડા ચૈતન્યસ્વરૂપ કે અચૈતન્યસ્વરૂપ દ્રવ્યમાં અને ગુણમાં નિજ રસથી જ અનાદિથી જ વર્તે છે તે, ખરેખર અચલિત વસ્તુસ્થિતિની મર્યાદાને તોડવી અશક્ય હોવાથી, તેમાં જ (પોતાના તેવડા દ્રવ્ય–ગુણમાં જ) વર્તે છે પરંતુ દ્રવ્યાંતર કે ગુણાંતરરૂપે સંક્રમણ પામતી નથી. અને દ્રવ્યાંતર કે ગુણાંતરરૂપે નહિ સંક્રમતી તે, અન્ય વસ્તુને કેમ પરિણમાવી શકે? (કદી ન પરિણમાવી શકે.) માટે પરભાવ કોઈથી કરી શકાય નહિ. ૪૨૯.

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર–ટીકા, ગાથા–૧૦૩)

* બ્રહ્મચર્ય, તપ, સંયમ, વ્રત, દાન, પૂજા આદિ અથવા અસંયમ, કષાય, વિષય–ભોગ આદિ એમાં કોઈ શુભ અને કોઈ અશુભ છે, આત્મ-સ્વભાવનો વિચાર કરવામાં આવે તો બંનેય કર્મરૂપી રોગ છે. ભગવાન વીતરાગદેવે બંનેને બંધની પરંપરા કહી છે. આત્મસ્વભાવની પ્રાપ્તિમાં બંને ત્યાજ્ય છે. એક શુદ્ધોપયોગ જ સંસાર-સમુદ્રથી તારનાર, રાગ-દ્વેષનો નાશ કરનાર અને પરમપદ આપનાર છે. ૪૩૦.

(શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, પુણ્ય-પાપ-એકત્વદ્વાર, પદ–૭)

* કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ એવી આશંકા કરશે કે જીવદ્રવ્ય જ્ઞાયક છે, સમસ્ત જ્ઞેયને જાણે છે, તેથી પરદ્રવ્યને જાણતાં કાંઈક થોડો ઘણો રાગાદિ અશુદ્ધ પરિણતિનો વિકાર થતો હશે? ઉત્તર આમ છે કે પરદ્રવ્યને જાણતાં તો એક નિરંશમાત્ર પણ (વિકાર) નથી, પોતાની વિભાવ પરિણતિ કરતાં વિકાર છે, પોતાની શુદ્ધ પરિણતિ હોતાં નિર્વિકાર છે. ૪૩૧.

(શ્રી રાજમલ્લજી, કળશટીકા, કળશ–૨૨૨)

કહાન
સંવત-૧૫
વર્ષ-પર
અંક-૩
[ ૬૨૩ ]




વીર
સંવત
૨૫૨૧
સં. ૨૦૫૧
SEPT.
A. D. 1995

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# ઃઃ કર્તાકર્મની બુદ્ધિ અજ્ઞાન છે ઃઃ

[ શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૩૮ )

શ્રી નાટક સમયસારનો આ કર્તા-કર્મ-ક્રિયા અધિકાર છે, તેનો ૩જો કળશ અને ચોથું પદ્ય છે. તેમાં કહે છે કે આત્મા કર્મનો કર્તા નથી માત્ર જ્ઞાતાદૃષ્ટા છે.

जगमैं अनादिकौ अग्यानी कहै मेरौ कर्म,
करता मैं याकौ किरियाकौ प्रतिपाखी है।
अंतर सुमति भासी जोगसौं भयो उदासी,
ममता मिटाइ परजाइ बुद्धि नाखी है॥
निरभै सुभाव लीनौ अनुभौके रस भीनौ,
कीनौ विवहारदृष्टि निहचैमैं राखी है।
भरमकी डोरी तोरी धरमकौ भयौ धोरी,
परमसौ प्रीति जोरी करमकौ साखी है॥ ४॥

અર્થઃ—સંસારમાં અનાદિકાળનો આ અજ્ઞાની જીવ કહે છે કે કર્મ મારું છે, હું એનો કર્તા છું અને આ મારું કરેલું છે. પરંતુ જ્યારે અંતરંગમાં સમ્યગ્જ્ઞાનનો ઉદય થયો ત્યારે મન-વચનના યોગોથી વિરક્ત થયો, પરપદાર્થોથી મમત્વ ખસી ગયું, પર્યાયમાંથી અહંબુદ્ધિ છૂટી ગઈ, નિઃશંક નિજસ્વભાવ ગ્રહણ કર્યો, અનુભવમાં મગ્ન

થયો, વ્યવહારમાં છે તોપણ નિશ્ચય ઉપર શ્રદ્ધા થઈ, મિથ્યાત્વનું બંધન તૂટી ગયું, આત્મધર્મનો ધારક થયો, મુક્તિમાં પ્રેમ કર્યો અને કર્મનો માત્ર જ્ઞાતાદૃષ્ટા થયો, કર્તા ન રહ્યો.

જેને વસ્તુના સ્વભાવનું ભાન નથી, જ્ઞાન અને આનંદનું ધામ ભગવાન આત્મા જેની દૃષ્ટિમાં આવ્યો નથી તેને હું જ્ઞાયક છું એમ તો ભાસતું નથી તેથી પુણ્ય-પાપના વિકલ્પો જ ભાસે છે અને તેનો હું કર્તા છું અને એ મારું કાર્ય છે એમ માને છે.

**जगमें अनादिको अज्ञानी कहै मेरौ कर्म**—તેનો અર્થ આ છે કે જ્ઞાન, દર્શન, આનંદ સ્વભાવમાં દૃષ્ટિ નહિ હોવાથી અને વિભાવ—પુણ્ય, પાપના વિકલ્પો—તે જ હું અને એ જ મારું કાર્ય એમ અજ્ઞાની માને છે. મારા અસ્તિત્વમાં વિકાર થાય છે માટે વિકાર એ જ મારું કાર્ય છે એમ માને છે.

**करता मैं याकौ किरियाकौ प्रतिपाखी है ।** વર્તમાનમાં જે પુણ્ય-પાપના વિકલ્પો થાય છે તેનો જ અજ્ઞાનીને ભાસ છે, પોતાનું મૂળ સ્વરૂપ તો ભાસતું નથી તેથી આ પુણ્ય-પાપની ક્રિયાનો જ પોતાને કર્તા માને છે—ક્રિયાનો જ એને પક્ષપાત છે, હું ચૈતન્યમૂર્તિ છું એવો પક્ષ નથી. અનાદિથી જીવની આ દશા છે. નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયક સુધી જનારા દ્રવ્યલિંગી સાધુને ક્રિયાનો પક્ષપાત છે પણ હું ચૈતન્યમૂર્તિ છું એવો પક્ષપાત નથી.

જ્ઞાનનો પિંડલો અને આનંદના ધામની દૃષ્ટિ તો અનાદિથી જીવને છે જ નહિ, પર્યાયબુદ્ધિ છે એટલે જે પ્રગટ અંશ છે એટલો જ હું છું એમ અજ્ઞાની માને છે. હું તો વિકલ્પ વિનાની ચીજ છું એવી અંતરમુખ દૃષ્ટિ તો થઈ નથી તેથી પર્યાયમાં જ અહંબુદ્ધિ ધારીને બેઠો છે. વિકારની પરિણતિ વર્તી રહી છે તેનો હું કર્તા છું અને એ મારું કાર્ય છે એમ જ એને ભાસે છે. વ્યવહારથી ધર્મ થાય, પુણ્યથી પવિત્રતા થાય એવો એને પક્ષ બંધાઈ ગયો છે.

ચૈતન્યમૂર્તિ મહાપ્રભુ તો આનંદનો અને જ્ઞાનનો રસિયો હોય પણ અનાદિથી તેને એ રસિકતા છૂટી ગઈ છે ને રાગની રસિકતા થઈ ગઈ છે. એનો સ્વભાવ તો વીતરાગસ્વભાવ અર્થાત્ જ્ઞાતાદૃષ્ટા સ્વભાવ છે પણ તેની સન્મુખ દૃષ્ટિ નહિ કરતાં રાગની દૃષ્ટિ કરી છે તેથી જ્યાં હોય ત્યાં આ કામ મેં કર્યું—એમ કર્તાબુદ્ધિ કરે છે. આ પુસ્તક મેં બનાવ્યું છે એમ કરીને તેનો કર્તા થાય છે, જે વિકલ્પ ઊઠે છે તેની સંભાળમાં તેનો પક્ષપાત થઈ જાય છે.

પ્રથમ બે પદમાં (કડીમાં) અનાદિના અજ્ઞાનીના પક્ષપાતની સિદ્ધિ કરી, હવે કહે છે—**अंतर सुमति भासी**....અંતરમાં જેને સમ્યગ્જ્ઞાનનો ઉદય થયો કે અરે! હું તો પુણ્ય-પાપના વિકલ્પથી ભિન્ન જ્ઞાનાનંદસ્વરૂપ વસ્તુ છું, વિકલ્પ અને રાગ તો મેલ છે, તે મારી ચીજ નથી—એમ જાણતાં હવે તે જોગથી ઉદાસ થયો એટલે કે મન-વચન-કાયાના યોગોથી વિરક્ત થયો, રાગથી ઉદાસ થયો અને સ્વભાવના આસનમાં દૃષ્ટિ લગાવી.

આ મારગડા કોઈ જુદા બાપુ! આ કોઈ કલ્પિત વાત નથી. ભાષા ટૂંકી પણ ભાવ બહુ મોટા છે—ઊંચા છે.

અંતરમાં ચૈતન્યસૂર્યનો ઉદય થતાં અંતરમાં સમતા થાય છે અને રાગની મમતા ટળી જાય છે. આ વિકલ્પ મારા છે એવી બુદ્ધિ છૂટી જાય છે. વિકલ્પોથી પોતે ઉદાસ થઈ જાય છે. દ્રવ્યબુદ્ધિ થતાં પર્યાયબુદ્ધિ નાખી દે છે અર્થાત્ છૂટી જાય છે.

**निरभै सुभाव लीनों** એટલે કે નિઃશંક ગુણ પ્રગટ થયો. મૂળ શ્લોકમાં-પાઠમાં अभय શબ્દ છે તેનો અર્થ નિર્ભય કર્યો છે. સ્વભાવની નિઃશંકતાને લીધે હવે જ્ઞાનીને કોઈ ભય રહ્યો નથી.

ભગવાન આત્મા મન-વચન-કાયાની ક્રિયાથી પહેલે પાર છે, વિકલ્પથી પાર છે એવી દૃષ્ટિ નહિ કરે ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ પુણ્યની ક્રિયા કરી કરીને મરી જાય તોપણ નિગોદના પંથે છે.

શ્રોતા:—પુણ્યની ક્રિયા કરે અને નિગોદમાં ચાલ્યો જાય?

પૂજ્ય ગુરુદેવશ્રી:—પુણ્યની ક્રિયા તે રાગ છે અને સ્વભાવ તો પરમ પવિત્ર છે તેની સાથે રાગને મિલાવે છે તે મિથ્યાત્વ છે. આ મિથ્યાત્વ જ નિગોદનું બીજ છે. રાગની ક્રિયા મારી છે એમ પક્ષપાત કરે છે તે મિથ્યાદૃષ્ટિ છે અને મિથ્યાત્વનું ફળ નિગોદ છે.

શ્રોતા:—ઘણી ક્રિયા કરતાં છતાં ખાલી જ રહે છે!

પૂજ્ય ગુરુદેવશ્રી:—અજ્ઞાનમાં બધું ખાલી જ છે. સ્વપ્નમાં સુખડી ખાય પણ પેટ તો ખાલી જ રહે તેના જેવું છે. એક કઠિયારાને બહુ ભૂખ લાગી હતી ને સ્વપ્નામાં ગરમ ગરમ સુખડી ખાધી પણ જ્યાં જાગે ત્યાં પેટ તો ખાલી જ હતું તેમ અજ્ઞાનમાં રાગની ક્રિયા ઘણી કરે તેને એમ લાગે કે મારું દુઃખ ટળે છે ને શાંતિ થાય છે એમ મિથ્યાભ્રમ થાય છે પણ જ્યાં જ્ઞાનમાં જાગીને જુએ ત્યાં ખ્યાલ આવે છે કે અરે! આ

રાગની ક્રિયા મારી નથી. તેનાથી મારી અશાંતિ મટે નહિ. હું તો રાગની ક્રિયાથી પાર છું.

**अनुभौके रस भीनो**—નિઃશંક નિજસ્વભાવને ગ્રહણ કરતાં અનુભવમાં મગ્ન થઈ જાય છે. રાગથી ભિન્ન સ્વભાવને જોતાં તેના જ્ઞાનનંદરસમાં મગ્ન થઈ જાય છે. **कीनौ विवहारदृष्टि निहयैमें राखी है।**—એટલે કે જ્યાં સુધી પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી જ્ઞાનીને વિકલ્પો હોય છે તે વ્યવહાર છે—એ હોય છે પણ દૃષ્ટિ નિશ્ચયમાં સ્થાપેલી છે, શ્રદ્ધા તો નિશ્ચયની છે. વ્યવહારમાં છે તોપણ નિશ્ચયસ્વભાવ ઉપર દૃષ્ટિ ગઈ છે. શુભભાવ છે છતાં દૃષ્ટિ નિશ્ચયસ્વભાવ ઉપર ગઈ છે તે જ્ઞાની છે. અશુભ અને શુભ બંને ભાવ મારા સ્વભાવમાં નથી હું તો શુદ્ધ સ્વભાવી છું એવી નિશ્ચયદૃષ્ટિ સદાય વર્તી રહી છે. તેથી શુભાશુભભાવ થવા છતાં તે મારા છે એવી દૃષ્ટિ જ્ઞાનીને થતી નથી.

**भरमकी डोरी तोरी**—ભ્રમ એટલે મિથ્યાત્વની દોરી જ્ઞાનીએ તોડી નાખી છે. તેથી મિથ્યાત્વકર્મનું બંધન પણ જ્ઞાનીને થતું નથી. **धरमकौं भयौ धोरी**—જ્ઞાની આત્માના ધર્મનો ધારક થયો છે. ધોરી બળદ જેમ માલને ધરીને આગળ લઈ જાય છે તેમ ધર્મના ધોરી જ્ઞાની પોતાના ધર્મને ધારીને આગળ વધે છે. રાગ રહિત નિર્મળ શ્રદ્ધા, જ્ઞાનને ધારે છે તે ધર્મના ધારક ધર્મી છે.

**परमसौं प्रीति जोरी**—પરમ એટલે પરમાત્મા; પોતાના પરમાત્મસ્વભાવની પ્રીતિ થઈ છે. મુક્તિની લગની લાગી છે અને કર્મની પ્રીતિ તૂટી ગઈ છે તેથી રાગાદિ વિકલ્પ ઊઠે છે તેના સાક્ષી છે પણ કર્તા થતાં નથી. રાગાદિને ધર્મી પોતાના માનતા નથી. તેને તો મુક્તિ સાથે પ્રીતિ લાગી છે. પુણ્ય-પાપ થાય છે પણ તેનો સાક્ષી છે, કર્તા નથી તે જ્ઞાની છે.

એક એક શ્લોક જુઓ તો ખરા! દરિયો ભર્યો છે. આ સમજવું એ એક જ કરવા જેવું કાર્ય છે, બાકી બધાં પાપના પોટલાં છે.

છોકરીને સગપણ થાય ત્યારથી જ કેવો અભિપ્રાય પલટાય જાય છે કે આ પિતાનું ઘર તે મારું નહિ, જે નક્કી કર્યું છે તે ઘર અને તે વર મારા છે. સગપણ બે વર્ષ રહે ત્યાં સુધી પિતાના ઘરમાં જ છે—બહારમાં કાંઈ ફેરફાર થયો નથી પણ મનમાં તો પતિ અને તેનું ઘર જ પોતાનું છે એમ ઘૂંટાય છે. તેમ ધર્મીને સ્વભાવ સાથે સગપણ થયું છે તેથી રાગમાં ઊભો હોવા છતાં રાગમાં એકત્વ થતું નથી એને તો સ્વભાવ જ ઘૂંટાય છે. પુણ્ય-પાપનો સ્વામી તે થતો નથી એ તો પોતાના ચૈતન્ય-

સ્વભાવનો જ સ્વામી થઈને રહે છે. રાગ ટળતાં વાર લાગે ત્યાં સુધી રાગ રહે છે પણ દૃષ્ટિ તો ચૈતન્ય ઉપર જ સ્થપાયેલી રહે છે.

આમ, દૃષ્ટિ ફરતાં સંયોગ તો જેમ છે તેમ જ હોવા છતાં કુટુંબ, ધનાદિ કોઈમાં મારાપણું થતું નથી. જે મારા હોય તે મારાથી જુદાં ન પડે. મારો તો જ્ઞાન-સ્વભાવ છે તે જ મારો છે, બીજું કાંઈ મારું નથી.

હવે કહે છે કે ભેદવિજ્ઞાની જીવ લોકોને કર્મનો કર્તા દેખાય છે પણ તે વાસ્તવમાં અકર્તા છે. જ્ઞાની પણ બધાંની સાથે રહેતા હોય, ખાતાં હોય, પીતાં હોય, ધંધો કરતાં હોય પણ અંદરમાં બધાંથી નિરાળા રહે છે તે કોઈને દેખાય નહિ તેથી ધર્મી કર્મના કર્તા અજ્ઞાનીને દેખાય છે પણ ખરેખર કર્તા નથી.

जैसो जो दरव ताकै तैसो गुन परजाय,
ताहीसौं मिलत पै मिलै न काहु आनसौं ।
जीव वस्तु चेतन करम जड जातिभेद,
अमिल मिलाप ज्यौं नितंब जुरैं कानसौं ।
एसौं सुविवेक जाकै हिरदै प्रगट भयौ,
ताकौ भ्रम गयो ज्यौं तिमिर भागै भानसौं ।
सोई जीव करमकौ करता सौ दीसै पै,
अकरता कह्यौ है सुद्धताके परमानसौं ॥५॥

અર્થ :—જે દ્રવ્ય જેવું છે તેવા જ તેના ગુણ-પર્યાય હોય છે અને તે તેની સાથે જ મળે છે. બીજા કોઈ સાથે મળતાં નથી. ચૈતન્યજીવ અને જડકર્મમાં જાતિભેદ છે, તેથી મોતી અને કાનની જેમ તેમનામાં ભિન્નતા છે, આવું સમ્યગ્જ્ઞાન જેના હૃદયમાં જાગૃત થાય છે તેનું મિથ્યાત્વ સૂર્યના ઉદયમાં અંધારાની જેમ દૂર થઈ જાય છે. તે કર્મનો કર્તા લોકોને દેખાય છે પરંતુ રાગ-દ્વેષ આદિ રહિત શુદ્ધ હોવાથી તેને આગમમાં અકર્તા કહ્યો છે.

અહીં મોતી અને કાનની એટલે કે કાન અને તેમાં પહેરેલાં બુટિયાની ભિન્નતા બતાવીને બે દ્રવ્યની ભિન્નતા બતાવી છે. બહેનો ઘરેણાં પહેરે છે ને! કાલે શેઠની ટપાલ આવી છે તેમાં લખે છે કે, 'ઘરમાં માસાહેબ એકલાં હતાં અને ચોર આવીને પચાસ- સાઇઠ હજારનો દાગીનો લઈ ગયા પણ માતાએ આપના વચનો અનુસાર શાંતિ અને સમાધાન રાખ્યું છે. જે વસ્તુ જ્યાં જવાની હોય, જેમ રહેવાની હોય તેમ રહે છે એમ જાણીને આકુળતા કે આર્તધ્યાન કર્યું નથી.' જડના પરમાણુ કોઈના રાખ્યા

રહે તેમ નથી, એ જ્યાં જવાના હશે ત્યાં જશે તેમાં ફેરફાર કરવા કોઈ સમર્થ નથી એટલી તો દરેક મુમુક્ષુને ખાતરી હોવી જોઈએ. એવી ખાતરી ન હોય તો આર્તધ્યાન કરીને પાપ બાંધે પણ વસ્તુમાં ફેરફાર ન થાય.

દૃષ્ટિમાં પરમાં મમત્વ છે એટલે એને દુઃખ થાય છે કે અરે રે! મારી વસ્તુ ચાલી ગઈ પણ ભાઈ! એ તારી હતી જ નહિ. તું દૃષ્ટિમાંથી પરનું મમત્વ છોડી દે તો તેને દુઃખ નહિ થાય. તું તો જ્ઞાન ને આનંદનું ઘર છો તેમાંથી કોઈ કાંઈ લૂંટી શકે તેમ નથી. બાકી પર વસ્તુ તો રહેવાની હોય તો રહે અને જવાની હોય તો જાય. તેને રાખવા ત્રણ કાળમાં કોઈ સમર્થ નથી.

**जीव वस्तु चेतन करम जड जातिभेद,**—જેમ કાનની સાથે લવિંગીયા પહેર્યાં હોય તે લટકતાં હોય પણ તેનું મોતી અને કાન એક થઈ જતાં નથી, જુદી વસ્તુ જુદી જ રહે છે તેમ જીવ અને કરમની જાતિ જ જુદી છે તે કદી એક થતાં નથી. **एसो सुविवेक जाके हिरदे प्रगट भयौ,**—જે દ્રવ્ય જેવું છે તેવા જ તેના ગુણ-પર્યાય હોય છે તે ગુણ-પર્યાય બીજાં દ્રવ્યમાં મળતાં નથી. ભગવાન આત્મા એક જીવદ્રવ્ય છે, જ્ઞાન અને આનંદ તેના ગુણ છે અને તેવી જ નિર્મળદશા તે તેની પર્યાય છે, મલિન પર્યાય તે તેની પર્યાય નથી. રાગાદિની મલિનપર્યાય અને પુણ્ય-પાપની ક્રિયા તે આત્માની ક્રિયા નથી આવો વિવેક જેને પ્રગટ થાય છે તેનો મિથ્યા અંધકાર તુરત નાશ પામે છે.

જે દ્રવ્યના ગુણ અને પર્યાય હોય તેનો તે દ્રવ્યની સાથે જ મેળ ખાય. બીજાં દ્રવ્ય સાથે તેનો મેળ ન ખાય. ભગવાન આત્મા જાણવા-દેખવાના ગુણવાળું દ્રવ્ય છે તો તેની પર્યાય જાણનાર-દેખનાર થાય તે જ તેની પર્યાય છે. પુણ્ય-પાપના રાગવાળી પર્યાય સાથે તેનો મેળ ખાતો નથી. કાન અને મોતી જેમ મળતાં નથી તેમ આત્માની નિર્મળ પર્યાય અને મલિન એવી રાગાદિ પર્યાય બંને મળતી નથી બંનેની જાતિમાં ફેર છે. શરીરની જાતિ તો જુદી જ છે પણ રાગની પર્યાય સાથે પણ આત્માની નિર્મળ પર્યાયને મેળ ખાતો નથી.

ભગવાન આત્મા તો જાણનાર-દેખનાર ચેતન છે અને પુણ્ય-પાપ કર્મ તો અચેતન છે તે આત્માની જાતના નથી.

બનારસીદાસે માખણ જેવા એક એક પદ બનાવ્યા છે.

આત્મા તો ચેતન છે તો ચેતનમાં રાગ-દ્વેષ આવે! વ્યવહારરત્નત્રયનો વિકલ્પ આવે છે તે ચેતન નથી. જીવને અને તેને જાતિભેદ છે તો બીજાં કાર્યનો કર્તા તો આત્મા કેમ હોય! ન્યાલચંદભાઈ સોગાનીના પુસ્તકમાં લખ્યું છે કે પંગુ સમજને શરીર

ટકાવવા માટે બે ટાઈમ આહાર લ્યો, હું તો પંગુ છું. પોતાને કલકત્તામાં કાપડનો ધંધો ચાલતો હતો છતાં આમ કહેતાં હતાં.

**अमिल मिलाप ज्यौं नितंब जुरै कानसौं ।** — જેમ કાનનો અને મોતીનો મિલાપ થતો નથી તેમ ચેતન અને અચેતનનો મિલાપ થતો નથી. જડ અને ચૈતન્યને જાતિભેદ હોવાથી તે કદી એક થતાં નથી. આવી વસ્તુસ્થિતિ છે. ભાઈ! તેની સમજણ કર! તેનું જ્ઞાન કર! તેનું ધ્યાન કર! બાકી બધા ક્રિયાકાંડો હો પણ તેનો કર્તા આત્મા નથી.

આવો સુવિવેક જેના હૃદયમાં પ્રગટ થયો કે ચૈતન્યસ્વભાવ અને રાગને મેળ નથી—અમેળ છે—બંનેને જાતિભેદ છે એમ જાણનાર જ્ઞાનીની દૃષ્ટિમાં રાગ આવતો નથી. જેમ સૂર્ય ઊગે ત્યાં અંધકાર રહેતો નથી તેમ સ્વભાવની દૃષ્ટિ થાય ત્યાં રાગની દૃષ્ટિ ટકી શકતી નથી—રાગ એની દૃષ્ટિમાં આવતો જ નથી, જુદો પડી જાય છે. વિકલ્પ મારા છે અને મારું કર્તવ્ય છે એવી ભ્રમણા છૂટી જાય છે. બહારમાં તો એવું દેખાય કે આ ખાય છે, પીએ છે, સૂએ છે...પણ બાપુ! અંદરમાં એને આંતરાં પડી ગયા છે. સજ્ઝાયમાં આવે છે ને!

સમ્યગ્દૃષ્ટિ જીવડો, કરે કુટુંબ પ્રતિપાલ,
અંતરથી ન્યારો રહે, જેમ ધાવ ખીલાવે બાળ.

સમ્યગ્દૃષ્ટિ કુટુંબની પ્રતિપાલ—પાલન બરાબર કરે છે પણ અંતરથી પ્રીતિ ઊઠી ગઈ છે, કોઈ પોતાનું ભાસતું નથી. જેમ ધાવમાતા બાળકને દૂધ પીવડાવે છે પણ તેને પોતાનું માનતી નથી. તેમ જ્ઞાની પરિવારાદિને સંભાળે છે પણ પોતાના માનતાં નથી. બહારથી-જ્ઞાની, અજ્ઞાનીની ક્રિયા સરખી દેખાય પણ અંતરમાં મોટો ફેર પડી ગયો છે.

અરે! પૂર્વના પુણ્યના ઉદયથી ધર્મી રાજ-પાટ આદિની મોટી પ્રવૃત્તિમાં ઊભેલાં દેખાય પણ તેનાથી ન્યારાં છે અને અજ્ઞાની નિવૃત્તિ લઈને નગ્ન મુનિ થઈ ગયો હોય તોપણ એકતા તૂટી નથી. જેણે રાગને અને આત્માને એક માન્યો છે તેની ધર્મ માટે કરેલી પ્રવૃત્તિ પણ અંધકારમય જ છે અને અંતરથી રાગથી છૂટયો છે તે છ ખંડના રાજમાં દેખાય છતાં તેને તેમાં એકતા થતી નથી.

**अकरता कह्यो है सुद्धताके परमानसौं ।**—જ્ઞાનીની દૃષ્ટિ રાગ-દ્વેષ આદિથી રહિત શુદ્ધ હોવાથી તેને આગમમાં અકર્તા કહ્યો છે. જ્ઞાતા-દૃષ્ટાની શુદ્ધતાની જ્યોત પ્રગટી ત્યાં એ રાગ-દ્વેષનો કર્તા દેખાતો નથી. રાગ-દ્વેષ કરતાં છતાં કરતો દેખાતો નથી

એમ નથી પણ કરતો નથી માટે કર્તા નથી એમ પરમાગમોમાં કહ્યું છે. જ્ઞાની રાગ-દ્વેષના કર્તા નથી પણ અજ્ઞાનીને કર્તા દેખાય છે કેમ કે તેની પકડમાં ફેર છે. બિલાડી પોતાના બચ્ચાને પકડે તો ઢીલા મોઢે પકડીને લઈ જાય અને ઉંદરને તો ભીંસ દઈને પકડે. એમ તેની પકડમાં ફેર હોય છે તેમ અજ્ઞાની અને જ્ઞાનીની પકડમાં ફેર હોય છે.

ધર્મીની દૃષ્ટિમાં પોતાના શુદ્ધાત્માની પકડ હોવાથી તે રાગને પકડતો નથી. રાગ થાય છે તેને જાણે છે ત્યાં અજ્ઞાનીને એમ દેખાય છે કે જ્ઞાની રાગને કરે છે પણ ખરેખર જ્ઞાની રાગના કર્તા નહિ હોવાથી અકર્તા છે એમ આગમમાં કહ્યું છે. ભગવાને તેને અકર્તા જોયો છે અને કહ્યો છે. (ક્રમશઃ)

## 卐 અનુપમ તત્ત્વ 卐

આ જે અદ્‌ભુત ચૈતન્યદેવ છે તે કાંઈ ખાલી નથી; તે તો અનંત ગુણરત્નોથી ભરપૂર ચમકતું તત્ત્વ છે. બાહ્ય દૃષ્ટિવાળાઓએ તો આ સાંભળ્યું પણ નથી; બહારના ક્રિયાકાંડ ભલે કરે પણ એ તો ફોતરાં ખાંડવા જેવું છે, કસ તો અંદરમાં છે. બહારના પ્રયત્નથી શું વળે? અનંત ગુણરત્નોથી તું ઠસોઠસ ભરેલો છે, તે ગુણરત્નોથી ચમકતા પદાર્થ પર દૃષ્ટિ દે તો તે પાવન પુરાણ પુરુષ પ્રગટ થશે. આત્મા ભગવત્સ્વરૂપ છે, પવિત્ર છે, નિર્વિકલ્પ તત્ત્વ છે. અનંત ગુણરત્નોથી ચમકતો, ભરપૂર આ આત્મા, વિકલ્પોથી નહિ પણ નિર્વિકલ્પ સ્વાનુભૂતિમાં જ જણાય છે. સ્વયં જ્ઞાનમાં જણાય, વેદનમાં અનુભવાય—અનંત ગુણરત્નાકરમાં સ્વયં ડૂબી જાય તો અનંત સુખનો અનુભવ કરે—એવો છે. એને કયા શબ્દોમાં કહેવાય? કોઈ પુરુષ રત્નનો મહેલ જોઈને આવ્યો હોય અને પછી વાત કરે તો શું કહે? તે રત્નનો મહેલ તો ધૂળ છે. તેના માટે તો ઉપમા પણ હોય છે, પણ આને માટે શી ઉપમા હોઈ શકે? તેનું વર્ણન શું કરાય? આ તો અનુપમ તત્ત્વ છે!

—પૂજ્ય બહેનશ્રી

શુદ્ધનિશ્ચયનયથી

# ભાવલિંગ પણ જીવનું સ્વરૂપ નથી

[શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન]

(સળંગ પ્રવચન નં. ૫૯)

આ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. તેમાં પ્રથમ અધિકારની ૮૫મી ગાથામાં સમ્યગ્દષ્ટિનું સ્વરૂપ કહ્યું હતું તે અનુસાર સમ્યગ્દષ્ટિ થઈને મિથ્યાત્વની ભાવનાથી વિપરીત ભેદવિજ્ઞાનની ભાવના કરે છે તે ભેદવિજ્ઞાન-ભાવના અહીં ક્રમથી સાત ગાથામાં આચાર્યદેવ કહેશે. મિથ્યાદષ્ટિ પોતાને 'હું કાળો છું, ધોળો છું, બ્રાહ્મણ છું' એમ ભાવતો હતો તેનાથી વિપરીત સમ્યગ્દષ્ટિ 'હું કાળો, ધોળો કે બ્રાહ્મણાદિ રૂપ નથી' એમ ભાવે છે. તેમાં પ્રથમ ૮૬મી ગાથામાં શું કહે છે!—

अप्पा गोरउ किण्हु ण वि अप्पा रत्तु ण होइ।
अप्पा सुहुमु वि थूलु ण वि णाणिउ जाणे जोइ ॥ ८६ ॥

આ ભેદવિજ્ઞાનની ભાવના છે. આત્માના જ્ઞાનસ્વરૂપનું ભાન થતાં ધર્મી પોતાને 'હું ત્રિકાળ જ્ઞાનસ્વરૂપ છું' એમ ભાવે છે. હું જાણનાર-દેખનાર અરૂપી આત્મદ્રવ્ય છું એમ જાણતાં જ્ઞાની 'હું કાળો છું કે હું સફેદ છું કે લાલ છું' એવા રંગવાળો પોતાને માનતા નથી. શરીર સ્થૂળ હોય કે સૂક્ષ્મ અથવા નબળું હોય તેથી હું સ્થૂળ કે નબળો નથી હું તો જ્ઞાનસ્વરૂપ છું. એમ અસ્તિ અને નાસ્તિ બંને વડે ધર્મી પોતાના સ્વરૂપની ભાવના કરે છે.

વ્યવહારથી અથવા નિમિત્ત સંબંધથી આત્માને ગોરા, કાળા શરીરવાળો અને જાડા-પાતળા શરીરવાળો કહેવાય છે પણ આત્મા કાંઈ ખરેખર પોતે ગોરો કે કાળો નથી, જાડો કે પાતળો નથી. શુદ્ધનિશ્ચયનયથી જોઈએ તો એ બધું આત્માથી જુદું છે, એ તો કર્મજનિત છે—કર્મના ઉદયના નિમિત્તે થયેલી અવસ્થા છે. જ્ઞાનાનંદસ્વરૂપ શુદ્ધાત્માની દૃષ્ટિએ જોઈએ તો એ બધું કર્મજનિત હોવાથી હેય છે—દૃષ્ટિમાં હેય કરવા લાયક છે—ત્યાગવા યોગ્ય છે.

જે વીતરાગ સ્વસંવેદનજ્ઞાની છે તે નિજ શુદ્ધાત્મતત્ત્વમાં આ ધર્મોને—કાળા-ગોરા કે કૃશ-સ્થૂલ આદિ શરીરના ધર્મોને પોતામાં જોડતો નથી—તેની સાથે સંબંધ કરતો નથી, તેને પોતાથી તદ્દન ભિન્ન જાણે છે. આ સમ્યગ્દષ્ટિની ભેદવિજ્ઞાનની ભાવના છે.

હવે બ્રાહ્મણાદિ વર્ણ આત્માના નથી એમ જ્ઞાની જાણે છે.

अप्पा बंभणु वइसु ण वि ण वि खत्तिउ ण वि सेसु ।
पुरिसु णउंसउ इत्थि ण वि णाणिउ मुणइ असेसु ॥ ८७ ॥

આત્મા બ્રાહ્મણ નથી, આત્મા વાણિયો વેપારી નથી, આત્મા ક્ષત્રિય નથી અને આત્મા ક્ષુદ્ર કે ચાંડાલ આદિ વર્ણરૂપ નથી. આત્મા સ્ત્રી, પુરુષ કે નપુંસકલિંગવાળો પણ નથી. એ લિંગો તો શરીરના છે, આત્મા તેનાથી ભિન્ન છે. અજ્ઞાની માને છે કે હું સ્ત્રી અથવા પુરુષ છું પણ જ્ઞાની પોતાના જ્ઞાન દ્વારા આ વર્ણ તથા લિંગાદિને પોતાથી ભિન્ન જાણે છે. વર્ણ, લિંગ આદિ અવસ્થા છે ખરી પણ મારામાં નથી એમ જ્ઞાની જાણે છે.

ચોથા ગુણસ્થાનથી માંડીને બધાં સમ્યગ્દષ્ટિની આ વાત છે. ચોથા ગુણસ્થાને તો સમ્યગ્દષ્ટિ ચક્રવર્તી હોય તો બહારમાં રાજપાટ, ૯૬ હજાર રાણી વગેરે બધાંનો સંયોગ દેખાય પણ તે કોઈને ધર્મી પોતાના માનતા નથી. એ તો જાણે છે કે રાગનો એક વિકલ્પ પણ મારી ચીજ નથી તો સ્થૂળ વસ્તુ તો મારી ક્યાંથી હોય! હું તો જ્ઞાનસ્વરૂપ આત્મા છું. મારા હોવાપણામાં તો જ્ઞાન ને આનંદ છે. આ વર્ણો અને લિંગો આદિ કાંઈ મારા હોવાપણામાં નથી.

જ્ઞાનસ્વરૂપ થયા થકા જ્ઞાની સમસ્ત વસ્તુઓને જ્ઞાનથી જાણે છે.

ભાવાર્થ :—જે બ્રાહ્મણાદિ વર્ણભેદ છે અને પુરુષલિંગાદિ લિંગભેદ છે તે જો કે વ્યવહારનયથી દેહના સંબંધથી જીવના કહેવામાં આવે છે તોપણ શુદ્ધનિશ્ચયનયથી આત્માથી ભિન્ન છે. તેથી જ્ઞાનસ્વરૂપે રહેલાં જ્ઞાની જીવો એ પરવસ્તુને પોતાથી તદ્દન ભિન્ન જાણે છે. સાક્ષાત્ ત્યાગવાયોગ્ય છે—મારા માનવાયોગ્ય નથી એમ જાણે છે. વીતરાગનિર્વિકલ્પ સમાધિથી રહિત મિથ્યાદૃષ્ટિ જીવ જેને પોતાના જાણે છે તેને જ મિથ્યાત્વથી રહિત સમ્યગ્દષ્ટિ જીવ પોતાના માનતા નથી. સાક્ષાત્ એટલે તદ્દન જુદાં છે એમ જાણે છે તેથી જ્ઞાની તેને દૃષ્ટિમાંથી ત્યાગવાયોગ્ય માને છે. સંયોગમાંથી કાંઈ છૂટી શકતાં નથી પણ દૃષ્ટિમાં તેને પોતાના માનતા નથી.

પુણ્ય-પાપના વિકલ્પથી રહિત એવા ચૈતન્યસ્વરૂપની નિર્વિકલ્પ સમાધિની દૃષ્ટિથી સમકિતી જીવ આ કોઈ ભાવોને પોતામાં જોડતો નથી, પોતાના માનતો નથી. પણ ચૈતન્ય-સ્વરૂપના ભાન વિનાનો મિથ્યાદૃષ્ટિ તો આ સ્ત્રી, પુરુષાદિ લિંગો અને બ્રાહ્મણાદિ જાતિ મારી જ છે એમ માને છે.

કોઈ પૂછતું હતું કે ભગવાને સમકિતીને બહુ છૂટ આપી દીધી છે—લડાઈ લડે,

રાજપાટમાં રહે છતાં સમકિતીને બંધ નથી ?—ભાઈ! ભગવાને સમકિતીને કાંઈ છૂટ આપી નથી પણ સમકિતીનું સ્વરૂપ જ એવું છે કે તેને બધી ચીજોથી દરેક સમયે ભેદજ્ઞાન જ વર્તતું હોય છે તેથી તેને બંધ થતો નથી. એ સદાય 'હું જ્ઞાનસ્વરૂપ છું' એમ ભાવે છે તેથી તો સમ્યગ્દૃષ્ટિના ભોગને પણ નિર્જરાનો હેતુ કહ્યો છે અને મિથ્યાદૃષ્ટિના ત્યાગને મિથ્યાત્વનો હેતુ કહ્યો છે કેમ કે મિથ્યાદૃષ્ટિ ક્ષણે ને પળે વિકલ્પ, રાગ અને પરના અભિમાનમાં જ મસ્ત થઈને પડયો હોય છે. જે વસ્તુ પોતાની નથી તેને પોતાની માનીને દરેક સમયે સ્વભાવનો અનાદર કરે છે તેથી જ મિથ્યાદૃષ્ટિને અનંત સંસારની વૃદ્ધિ થાય છે.

આત્મા વીતરાગસ્વરૂપ છે અને જ્ઞાનથી જ વેદાય એવી એ ચીજ છે. પુણ્ય-પાપભાવથી ભિન્ન વીતરાગ સ્વરૂપની દૃષ્ટિ તે વીતરાગ સ્વસંવેદન જ્ઞાન છે; એ વીતરાગ સ્વસંવેદન જ્ઞાનથી રહિત મિથ્યાદૃષ્ટિ સ્ત્રી, પુરુષાદિ લિંગ અને વર્ણાદિ ભેદને પોતાના માને છે. જે પોતાના નથી એને પોતાના માને છે અને પોતાનું સ્વરૂપ જે છે તેને ઓળખતો નથી એ જ મિથ્યાદૃષ્ટિની મોટી ભૂલ છે. જ્ઞાની અને અજ્ઞાની-મિથ્યા-દૃષ્ટિની દૃષ્ટિમાં જ મોટો ફેર છે. અજ્ઞાનીની દૃષ્ટિ જે પોતાના સ્વરૂપમાં નથી એવા ભાવોને પોતાના માને છે. એ મોટો ભ્રમ છે—તેમાં જ મહા મિથ્યાત્વ સેવાય છે. જ્ઞાની તો જે પોતાના સ્વરૂપમાં નથી તેને પોતાના માનતાં નથી માટે તેની દૃષ્ટિ યથાર્થ છે.

જ્ઞાની જાણે છે કે 'હું જ્ઞાનસ્વરૂપ છું—જાણનાર-દેખનાર છું' શરીર, લિંગ આદિના ભેદો બધાં પરરૂપે છે, મારારૂપે નથી. ગૃહસ્થાશ્રમમાં રહેલાં સમ્યગ્દૃષ્ટિ પણ આમ જાણે છે કે મારે અને પુણ્ય-પાપના વિકલ્પ ઊઠે છે તેને કાંઈ સંબંધ નથી, એ તો પરજ્ઞેય છે, સ્વજ્ઞેયથી ભિન્ન છે માટે પરજ્ઞેય છે અને શરીરના રંગ, લિંગ આદિ ભેદો તો જડના છે, મારાથી તદ્દન જુદાં છે.

આ શરીરને હું આમ રાખીશ, સ્ત્રી, પુત્રાદિને આમ રાખીશ, નોકરને પણ સારી રીતે રાખીશ, મકાન સંભાળીને રાખીશ...એવી જેની માન્યતા છે તે આખી દુનિયાને અનુકૂળ રાખવાની અભિલાષા રાખે છે. થોડા-ઘણાં સંબંધવાળાને અનુકૂળ રાખવાની ઇચ્છા છે તેને સંબંધ વિનાના પદાર્થોને પણ વ્યવસ્થિત રાખવાની ભાવના અંદરમાં પડી જ છે. તેની દૃષ્ટિમાં મોટી—મહાન વિપરીતતા છે. અજ્ઞાનીની કલ્પનાનો કોઈ પાર હોતો નથી. પૈસા આમ મૂકીશ, તેનું જેમ બને તેમ વધારે વ્યાજ ઉપજાવીશ, પછી આમ આગળ વધીશ, બીજાને રસ્તો બતાવીશ, ભવિષ્યમાં આમ કરીશ, પોતાને ન ગમતો હોય એ વ્યક્તિ મરી જાય તો મને ઠીક પડશે, ગમતી વ્યક્તિ લાંબો કાળ

જીવે તો સારૂં વગેરે અનેક પ્રકારે કલ્પનાના ઘોડા અજ્ઞાની દોડાવતો હોય છે પણ તે બધું ધૂળ-ધાણી થવાનું છે, પોતાની કલ્પના અનુસાર જગતના પદાર્થો પરિણમતા નથી તેથી મફતનો દુઃખી થાય છે. પોતે પોતાની કલ્પનાથી જ ખરેખર દુઃખી થાય છે.

આપણે હામ, દામ ને ઠામ ત્રણેય છે તેથી મરતાં સુધી કાંઈ વાંધો નથી પછી ગોલણ ગાડી ભલે ભરે...બહેનો તો સાથે બેસીને એવી જ વાતો કરતી હોય કે બીજાને પોતાના કરવા એ આપણા હાથની વાત છે, આવડત જોઈએ...વગેરે ડાહી ડાહી વાતો કરીને પોતાને ડાહી માનતી હોય પણ ભગવાન કહે છે એ મૂઢ છે. પરને પોતાના કરવા માગે છે તે માન્યતા જ ખોટી છે અરે! તારો આત્મા બીજાથી જુદો છે અને બીજાનો આત્મા તારાથી જુદો છે. બે જુદાં દ્રવ્યો એકબીજાનું શું કરી શકે! મૂઢને પરદ્રવ્યનું પરિણમન બીજું દ્રવ્ય કરી ન શકે એ ખબર નથી એટલે આવા કલ્પનાના ઘોડા દોડાવે છે. આ જ રીતે મિથ્યાભાવનાથી સંસાર ઘડાયેલો છે. મિથ્યાત્વના પાયા ઉપર સંસારનું ઘડતર છે.

હું વીલ કરીને જાઉં એટલે પાછળથી બાયડી-છોકરાને વાંધો ન આવે. બધાં દીકરાઓને એક એક મકાન કરાવી દઉં, બધી મિલ્કત વ્યવસ્થિત વહેંચી દઉં અથવા એવી રીતે કરું કે હું મરું પછી જ બધાંના હાથમાં આવે, જીવતાં કાંઈ ન મળે... એવી એવી કંઈક યોજના કરે છે એ બધું અજ્ઞાનીનું અભિમાન છે. પરદ્રવ્યનું થવું, ન થવું એ જીવને આધીન નથી.

હવે આગળ વંદક, ક્ષપણ આદિ ભેદ પણ જીવના નથી એમ ૮૮ મી ગાથામાં કહે છે. આમાં થોડી સૂક્ષ્મ વાત આવશે.

अप्पा वंदउ खवणु ण वि अप्पा गुरउ ण होइ।
अप्पा लिंगिउ एक्कु ण वि णाणिउ जाणइ जोइ ॥८८॥

અહીં તો સમ્યગ્દૃષ્ટિને યોગી કહ્યો છે. તે ભલે ગૃહસ્થાશ્રમમાં હો, સ્ત્રી હો, નપુંસક હો કે નારકી હો પણ સમ્યગ્દૃષ્ટિ છે તે યોગી છે. તે શું ભાવના ભાવે છે— આત્માને કેવો જાણે છે તે કહે છે.

અર્થ:—આત્મા બૌદ્ધનો આચાર્ય નથી એટલે કે વંદક નથી. આત્મા ક્ષપણ એટલે દિગંબર પણ નથી કેમ કે આ બધાં ભેદો આત્માના નથી. આત્મા શ્વેતાંબર પણ નથી. આત્મા કોઈ પણ વેશધારી નથી અર્થાત્ એકદંડી, ત્રિદંડી, હંસ, પરમહંસ, સંન્યાસી, જટાધારી, મુંડિત, રુદ્રાક્ષની માળા, તિલક, કુલક, ચોપ વગેરે વેષોમાં કોઈ વેષધારી આત્મા નથી. આત્મા તો એક જ્ઞાનસ્વરૂપ છે તેને ધ્યાની મુનિ ધ્યાનારૂઢ થઈને જાણે છે અને ધ્યાન કરે છે.

જગતમાં અનેક પ્રકારના વેષધારી છે કોઈ એક દંડ રાખનારા 'એકદંડી' કોઈ ત્રણ દંડ રાખનારા 'ત્રિદંડી', લાલ કપડાધારી પોતાને 'હંસ' તરીકે ઓળખાવે છે પણ હંસ તો ખરેખર ચૈતન્યહંસ છે તે કોઈ બાહ્યવેષધારી નથી. બહારથી પીળા કપડા પહેરીને સંન્યાસ લઈ લે તે સંન્યાસી નથી. કોઈ મોટી જટા રાખે છે, કોઈ મુંડન કરાવે છે, કોઈ રૂદ્રાક્ષની માળા રાખે છે તો કોઈ તિલકવાળા હોય છે એ રીતે કુલક અને ઘોષ એવા કોઈ વેષધારી હશે પણ આત્માને એવો કોઈ વેષ હોતો નથી. વેષ તો બધી જડની અવસ્થા છે. આત્મા તો એક જ્ઞાનસ્વરૂપ છે—જાણનાર-દેખનાર છે તે કોઈ વેષને પોતાના માનતો નથી. પોતાની જ્ઞાનપર્યાયથી આત્મામાં એકાગ્ર થઈને જ્ઞાની પોતાને જ્ઞાનસ્વરૂપ અને પરને પરરૂપ જાણે છે, પરને મારા માનતા નથી. પોતાને જ્ઞાનસ્વરૂપથી અભિન્ન જાણે છે.

ભાવાર્થ :—જોકે વ્યવહારનયથી આ આત્મા વંદક આદિ અનેક વેષોને ધારે છે પરંતુ શુદ્ધનિશ્ચયનયથી કોઈપણ વેષ જીવના નથી, દેહના છે. દેહના વેષને પોતાના માનીને અભિમાન કરવું અને તેના વડે ધર્મ મનાવવો તે મિથ્યાદૃષ્ટિપણું છે.

દિગંબર અને શ્વેતાંબર આદિ જે દેહના આશ્રયે દ્રવ્યલિંગ છે તે ઉપચરિત અસદ્ભૂત વ્યવહારનયથી જીવનું સ્વરૂપ કહેવાય છે તોપણ નિશ્ચયનયથી તે જીવનું સ્વરૂપ નથી. નિમિત્ત તરીકે દિગંબર ધર્મમાં મુનિને દિગંબરપણું જ હોય, શ્વેતાંબર-મતમાં શ્વેત વસ્ત્રધારી સાધુ જ હોય તેથી એ વેષ જીવના છે એમ ઉપચારથી કહેવાય પણ નિશ્ચયથી જ્ઞાનસ્વરૂપ આત્મામાં તો એવો કોઈ પ્રકારનો વેષ જ નથી. જ્યાં દેહ જ જીવનો નથી, દેહના એક એક રજકણની અવસ્થા સ્વતંત્ર થાય છે ત્યાં દેહ ઉપરના વેષને જીવના કેમ કહેવાય! દેહના રજકણમાં ફેરફાર થાય તેને જીવ રોકી શકતો નથી. ઉપરથી ઈન્દ્ર આવીને પણ તેને ફેરવી શકતો નથી. પરમાણુની અવસ્થા જે સમયે જેવી થવાની હોય તેવી જ થાય છે કેમકે પરમાણુ પણ દ્રવ્ય છે ને! તેનામાં પણ ઉત્પાદ વ્યય અને ધ્રુવપણું છે તેથી સમયે સમયે ઉત્પાદનો પ્રવાહ ચાલુ જ છે તેને બીજો શું કરે! શું ફેરવી શકે! બીજો બીજાને શું કરે! ઇચ્છા અનુસાર થાય ત્યારે મૂઢ એમ માને કે મેં કર્યું છે પણ એ તો પૂર્વના પુણ્યના નિમિત્તે વર્તમાન પરમાણુની અવસ્થા એવી થવાની હતી માટે થઈ છે, તારાથી થઈ નથી. ત્રણકાળમાં પરનું કાર્ય તારા હાથમાં નથી.

દેહ ઉપરથી કપડું ઉતારવું કે છોડવું એ જીવનું કાર્ય નથી. જડની અવસ્થા છે તેને હું કરું છું એમ માને છે તેણે પોતાને જડરૂપ માન્યો છે. જે જ્ઞાનસ્વરૂપ છે તે જ્ઞાન સિવાય બીજું શું કરે! એ તો જાણે કે જડની અવસ્થા આ પ્રમાણે થઈ છે.

મુનિ થાય ત્યારે કપડાં ઉતરવાની અવસ્થા થાય છે અને એ વખતે વિકલ્પ પણ એવો જ હોય છે તેથી નિમિત્તનું જ્ઞાન કરાવવા ચરણાનુયોગમાં એવા કથન આવે કે વસ્ત્રાદિનો ત્યાગ કરીને મુનિ થવાય છે પણ નિશ્ચયથી આત્માથી કપડાંના ગ્રહણની કે ત્યાગની અવસ્થા થતી નથી.

અહા ! જ્યાં દેહ અને દેહના આકારો આત્માના નથી ત્યાં બાહ્યવેષ તો આત્માના કયાંથી હોય ! માટે દ્રવ્યલિંગ તો સર્વથા આત્માનું નથી પણ ભાવલિંગ કે જે નિર્વિકલ્પ પર્યાય છે તે પણ જીવની નથી. એ કેવી રીતે ! તે કહે છે—વીતરાગ નિર્વિકલ્પ સમાધિરૂપ ભાવલિંગ જો કે શુદ્ધ સ્વરૂપનું સાધક છે માટે ઉપચારનયથી જીવનું સ્વરૂપ કહેવાય છે તોપણ પરમસૂક્ષ્મ શુદ્ધનિશ્ચયથી ભાવલિંગ પણ જીવને નથી.

શુદ્ધાત્મા જે ત્રિકાળ જ્ઞાન... જ્ઞાન...આનંદ...આનંદરૂપ એકરૂપ વસ્તુ છે તે મૂળ આત્મતત્ત્વ છે—ધ્રુવ સદશ શક્તિરૂપ તત્ત્વ અનાદિ-અનંત એકરૂપ વસ્તુ છે તે નિશ્ચય આત્મા છે, તેની પર્યાયમાં ' હું ' શુદ્ધાત્મા છું ' એવી જે સમ્યક્શ્રદ્ધા, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્શાંતિની નિર્વિકલ્પ પર્યાય થાય છે તે આત્માનું ભાવલિંગ છે, સદશ એટલે ધારાવાહી ધ્રુવ ચૈતન્યબિંબમાં ' હું શુદ્ધ આનંદ સ્વરૂપ છું ' એવું સમ્યગ્દર્શન, એવું જ સ્વસંવેદનજ્ઞાન અને તેમાં સ્વરૂપાચરણરૂપ વીતરાગી સ્થિરતા...આવી જે એક સમયની વીતરાગ નિર્વિકલ્પદશા છે તે આત્માનું ભાવલિંગ છે.

આ જે સ્ત્રી, પુરુષાદિ લિંગના ભેદ કે વેષના ભેદ આદિ કહ્યાં તે તો આત્માના દ્રવ્ય, ગુણ, પર્યાયમાં કયાંય નથી. એક સમયમાત્ર પણ તેનું અસ્તિત્વ આત્મામાં નથી. અને પુણ્ય-પાપાદિ વિકારીભાવ અને વ્યવહારરત્નત્રયના પરિણામ એ એક સમયની પર્યાયમાં છે પણ એ તો અસદ્ભૂત વ્યવહારનયથી જીવના કહેવાય છે, ખરેખર જીવનું સ્વરૂપ નથી. પણ આ જે ભાવલિંગ કે જે જીવની એક સમયની અવસ્થામાં વર્તતી સાધકદશા—વીતરાગ નિર્વિકલ્પ શાંતિ–નિશ્ચયમોક્ષમાર્ગ છે તે તો શુદ્ધાત્મસ્વરૂપનું સાધક છે તેથી ઉપચારથી જીવનું સ્વરૂપ કહેવાય છે કેમ કે તેણે ' આ જીવ વસ્તુ છે ' એમ સિદ્ધ કર્યું છે, તોપણ પરમસૂક્ષ્મ શુદ્ધનિશ્ચયથી ભાવલિંગ પણ જીવનું નથી.

જ્ઞાનાનંદસ્વરૂપ વસ્તુ છે તે ત્રિકાળ એકરૂપ જીવવસ્તુ છે. તે જીવનું મૂળસ્વરૂપ છે. અને લિંગ વેષાદિ તો તદ્દન જુદી વસ્તુ છે અને દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા આદિનો રાગ છે તે વિભાવ છે, સ્વભાવ નથી. રાગ છે તે ત્રિકાળસ્વભાવ તો નથી પણ વર્તમાન સ્વભાવનો અંશ પણ નથી. તેથી તેની વાત અહીં કરી નથી. અહીં તો જીવનો જે કાયમનો એકરૂપ સ્વભાવ છે તેના અવલંબનથી પ્રગટેલો એક સમયનો સ્વભાવ—વસ્તુને સિદ્ધ કરનારો સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ જીવનો પર્યાય પ્રગટ થાય છે તેને

પણ ઉપચારથી જીવનો કહ્યો છે. પુણ્ય-પાપ, દયા, દાન, વ્રત, ભક્તિનો પર્યાય તો ઉપચારથી પણ જીવનો નથી કેમ કે સ્વભાવની જાતનો નથી, વિભાવ છે માટે નિશ્ચયથી તે જીવના ભાવ નથી.

પ્રભુ! તારી ચીજ અનાદિ-અનંત ધ્રુવ વજ્ર જેવી છે. તેમાંથી એક કણિયો પણ ઓછો ન થાય. જેમ વજ્રની દિવાલમાંથી કણી પણ ખરે નહિ અરે! ગઢમાંથી પણ કણી ખરતી નથી તો આ તો ચૈતન્યનો વજ્રગઢ છે તેમાંથી એક અંશ પણ ઓછો કેમ થાય! ન થાય. એવો ભગવાન ચૈતન્યનો અનંતગુણનો પિંડ ધ્રુવગઢ એ જીવનું સ્વરૂપને જે પર્યાયે સિદ્ધ કર્યું એવો નિર્મળ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રનો પર્યાય પણ ઉપચારથી જીવનું સ્વરૂપ છે કેમ કે તે અંશ છે. માટે તે મૂળ વસ્તુ નથી. ભલે તે અંશ મૂળસ્વરૂપમાંથી જ આવે છે પણ મૂળસ્વરૂપમાં કાંઈ ઓછું થતું નથી એવો જે ત્રિકાળ એકરૂપ ચૈતન્યગઢ તે આત્મા છે.

મૂળ ચૈતન્ય આત્માને સિદ્ધ કરનારી નિર્મળ પર્યાય છે. વસ્તુ વસ્તુને સિદ્ધ કરતી નથી, તેની પર્યાય સિદ્ધ કરે છે માટે તે સાધક છે (સિદ્ધ કરવું એટલે સાબિત કરવું-નક્કી કરવું.) વસ્તુને સિદ્ધ કરનારી વીતરાગ નિર્વિકલ્પ પર્યાય પણ ઉપચારથી આત્મા છે. કેમકે મૂળ વસ્તુ તો ધ્રુવઘન છે, પરિણમન વિનાનું વજ્ર છે, જ્ઞાન-આનંદની મૂર્તિ છે તેને જે સિદ્ધ કરે છે કે 'આ આત્મા છે' એવી શ્રદ્ધા, જ્ઞાન અને તેમાં સ્થિરતારૂપ ચારિત્ર તે ઉપચારથી જીવનું સ્વરૂપ છે.

આ પરમાત્મપ્રકાશ કહે છે કે પરમાત્મા તો ત્રિકાળ જેમ છે તેમ એકરૂપ છે, અનંત ગુણરૂપ ધ્રુવ...ધ્રુવ...ધ્રુવ ત્રિકાળ એકરૂપ આત્મા તે વાસ્તવિક આત્મા છે. તેને જેણે શ્રદ્ધામાં લીધો, જ્ઞાનમાં લીધો, તેમાં એક સમય ઠર્યો એવી શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર-પર્યાય તે અંશ છે માટે ઉપચારથી આત્માનું સ્વરૂપ છે. તે પોતે પરમાત્મા નથી, મોક્ષમાર્ગ છે, અંશ છે. જેમ પ્રજા (પુત્રાદિ) એ બાપ નથી તેમ અંશ એ આખો આત્મા નથી. જેમાં અનંતી નિર્મળ પર્યાયો અને અનંત ગુણો એકરૂપે રહેલા છે. એકપિંડ છે તે આત્મા છે. તેને પરમાત્મા કહો કે જીવનું વાસ્તવિક સ્વરૂપ કહો બંને એક જ છે. પણ તેની નિર્વિકલ્પ વીતરાગી શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રરૂપ મોક્ષમાર્ગની પર્યાય તે વાસ્તવિક આત્મા નથી. તે બેટો છે પણ બાપ નથી—ઉપચારથી આત્મા છે. તે ભાવલિંગ છે.

લિંગ એટલે ચિહ્ન; ભાવલિંગ વડે આત્માને ઓળખાય છે રાગ રહિત સમ્યગ્દર્શન, રાગ રહિત સ્વસંવેદનજ્ઞાન, રાગ રહિત સ્વરૂપની સ્થિરતા એ ત્રણેય થઈને વીતરાગ નિર્વિકલ્પ પર્યાય તે ભાવલિંગ છે, આખી ચીજનો એક અંશ છે—ચિહ્ન છે

તેથી તેને ઉપચારથી આત્માનું સ્વરૂપ કહેવામાં આવે છે તોપણ પરમસૂક્ષ્મ શુદ્ધનિશ્ચયનયથી ભાવલિંગ પણ જીવનું નથી. નિર્વિકલ્પ સમાધિનો વીતરાગ પર્યાય પણ ત્રિકાળ નથી, એક સમયનો છે માટે મૂળ જીવસ્વરૂપ નથી. અદ્‌ભુત વાત છે. જેણે જેને ઓળખ્યો એ ભાવ પણ મૂળ વસ્તુ નથી તો બીજા કોને પોતાના માનવા! દેહાદિના વેષ તો ક્યાં રહ્યાં! રાગાદિનો વિકલ્પ પણ જીવમાં ન રહ્યો. જ્યાં ભગવાન આત્માનો નિર્મળ વીતરાગી અનુભવ એ પણ વાસ્તવિક ધ્રુવ આત્માનું સ્વરૂપ નથી. તેને વાસ્તવિક આત્મા માનવો એ ભ્રમ છે. ઉપચારથી તેને આત્મા માનવો એ બરાબર છે. અંશમાં આખા આત્માનો આરોપ કરવો તે વ્યવહાર છે. આખી વસ્તુ તે જ આત્મા છે.

આવું વસ્તુનું સ્વરૂપ છે તેને બદલે વસ્તુને લિંગ અને વેષાદિવાળી માનવી તે મહા ભ્રમ છે. પુણ્ય-પાપનો રાગ તે હું આત્મા છું એમ માનવું એ પણ મિથ્યાત્વ છે–મહા ભ્રમ છે. ત્રિકાળ એકરૂપ ભગવાન આત્માના આશ્રયે શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ પ્રગટે તેને પણ આત્માનું પૂર્ણ સ્વરૂપ ન માનવું. તેને વ્યવહારે આત્મા જાણવો. નિશ્ચયનયનો આત્મા તો એકરૂપ ધ્રુવ છે. આ રીતે જાણવું તે પ્રમાણજ્ઞાન છે.

ભાવલિંગ સાધનરૂપ છે, તે પણ પરમ અવસ્થાનું સાધક નથી એટલે કે પરમ વસ્તુ નથી.

આં બહુ સરસ વાત આવી ગઈ. [ ક્રમશઃ ]

---

## 卐 અધ્યાત્મદષ્ટિ 卐

પરદ્રવ્યને અને આત્માને અત્યંત અભાવ છે એ તો વ્યવહારની નીતિના વચનથી આવે છે. પરંતુ અધ્યાત્મદષ્ટિથી તો વિકારને અને આત્માને અત્યંત અભાવ છે. ચૈતન્યગોળો વિકારથી ભિન્ન એકલો છૂટો જ પડયો છે એને દેખ! જેમ તેલ પાણીના પ્રવાહમાં ઉપર ને ઉપર તરે છે, પાણીના દળમાં પેસતું નથી તેમ વિકાર ચૈતન્યના પ્રવાહમાં ઉપર ને ઉપર તરે છે, ચૈતન્યદળમાં પેસતો નથી. —ઉપકારસિંધુ પૂજ્ય ગુરુદેવ

## ▣ વૈરાગ્યજનની : બાર ભાવના ▣

[ શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

આપણે ૪૩૨ ગાથા થઈ છે. હવે સમ્યગ્દર્શનનું માહાત્મ્ય બતાવતાં બીજી ગાથા કહે છે.

तिक्खं सग्गं माला दुज्जयरिउणो सुहंकरा सुयणा ।
हालाहलं पि महापया संपया होदि ॥ ४३३ ॥

અર્થઃ—ઉત્તમ ધર્મ સહિત જીવને તીક્ષ્ણ ખડ્ગ પણ ફૂલની માળ બની જાય છે, જીત્યો ન જાય એવો દુર્જન વેરી પણ સુખ કરવાવાળો સ્વજન અર્થાત્ મિત્ર બની જાય છે તથા હળાહળ ઝેર છે તે પણ અમૃતરૂપ પરિણમી જાય છે, ઘણું શું કહીએ મહાન આપદા પણ સંપદા બની જાય છે.

જેને દશ પ્રકારનો ધર્મ આત્મામાં પ્રગટ થયો હોય તેને પુણ્યના યોગે બહારમાં તરવારને બદલે ફૂલની માળા થઈ જાય છે. વારિષેણકુમારને પોલીસ તરવાર મારવા જાય છે ત્યાં ફૂલની વૃષ્ટિ થઈ હતી. અકંપનાચાર્યની સાથે રહેલાં મુનિને ઉપસર્ગ આવેલો ત્યારે રાજાના પ્રધાને તરવાર ઉગામેલી તે મુનિના પુણ્યના યોગે થંભી ગઈ હતી. ધર્મનું માહાત્મ્ય બતાવવું હોય ત્યારે પુણ્યનું ફળ આવ્યું હોય તેનો આરોપ અપાય છે પણ ખરેખર તો પુણ્યના કારણે બહારના સંયોગોની પ્રાપ્તિ થતી નથી અને ધર્મની પર્યાયના કારણે પુણ્યની પર્યાય નથી. ખરેખર એક દ્રવ્યની પર્યાય બીજા દ્રવ્યના કારણે થતી નથી. માટે પાઠમાં લખાણ છે એનો અર્થ બરાબર સમજવો જોઈએ.

આત્મા પોતાનો મિત્ર થઈ ગયો એટલે કે આત્માની પર્યાય પોતા તરફ ઢળી, એનો આરોપ બહારમાં આવ્યો કે શત્રુ પણ ધર્મીને મિત્ર બની જાય છે, પણ જો પૂર્વના પુણ્ય હોય તો તેમ થાય છે; કોઈ મુનિને તો બહારમાં અશાતાનો ઉદય હોય અને શરીર સળગતું પણ હોય. શરીરને પાણીમાં ડબાડી દે છતાં આત્મામાં લીન થઈ મુક્તિને પામે છે. ધર્મ પ્રગટયો હોય તેને બહારમાં પુણ્યનો ઉદય હોય જ એવું નથી પણ અહીં તો જેને પુણ્યનો ઉદય હોય છે તેની વાત છે, આત્મા અમૃતમય છે એવી દૃષ્ટિ થઈ એટલે બહારમાં પુણ્યનો યોગ હોય તો ઝેરનું અમૃત થઈ જાય તેથી તે ધર્મનો મહિમા છે એમ કહેવામાં આવે છે. ઘણું શું કહીએ? મહાન આપદા પણ સંપદા બની જાય છે. એ બધું ધર્મનું માહાત્મ્ય છે.

अलियवयणं पि सच्चं उज्जमरहिए वि लच्छिसंपत्ती ।
धम्मपहावेण णरो अणओ वि सुहंकरो होदि ॥ ४३४ ॥

અર્થ:—ધર્મના પ્રભાવથી જીવનાં જૂઠવચન પણ સત્યવચન થઈ જાય છે, ઉદ્યમ રહિતને પણ લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે તથા અન્યાયકાર્ય પણ સુખ કરવાવાળા થાય છે.

જુઓ, અહીં ધર્મીને બહારમાં પુણ્યનો ઉદય કેવો હોય છે તે કહે છે: કદાચિત્ ધર્માત્મા સાચા જ્ઞાની પુરુષ કોઈ તુકો લગાવી દે તો તે જૂઠું પડે નહીં—એમ કહે છે. સાચું પરિણામ આવે અને જૂઠું ગોઠવાઈ જાય એવો મેળ ખાઈ જાય છે.

વાદિરાજ મુનિને શરીરમાં કોઢ હતો, હંમેશા એનો ભક્ત શ્રાવક એમના દર્શન કરવા આવે. એક વખત રાજદરબારમાં કોઈએ ચાડી ખાધી કે આ શ્રાવકના ગુરુ કોઢિયા છે. તેમના દર્શન કરીને હંમેશા તે શ્રાવક આવે છે અને બધાને ચેપ લગાડે છે. રાજાએ શ્રાવકને પૂછયું. શ્રાવકના મનમાં એમ થયું કે મારા ગુરુને કોઢિયા ઠરાવે છે પણ મારાથી એમ કેમ કહેવાય? એમ વિચારી એનાથી બોલી જવાયું કે મારા ગુરુ કોઢિયા નથી. રાજાએ કહ્યું કે હું કાલે દર્શન કરવા આવીશ. શ્રાવક મુનિ પાસે ગયો અને બધી વાત કરી. મુનિરાજે કહ્યું કે તું મુંઝાઈશ નહિ. મુનિ ભગવાનની સ્તુતિ કરવા બેઠા. અહો પ્રભુ! જે નગરીમાં આપ પધારો છો એ નગરીને ઇન્દ્રો સોનાની બનાવે છે તો આપે મારા આત્મામાં સ્થાન લીધું અને આ શરીર સોનાનું ન થાય એ કેમ બને? એટલે કે સોનાનું થયા વિના રહે નહિ. એમ સ્તુતિ કરતાં આખું શરીર સોનાની વીંટી જેવું થઈ ગયું. એક આંગળીનો ભાગ કોઢવાળો રાખ્યો. રાજા આવ્યો, મુનિને જોયા અને બધી વાત કરી. મુનિએ કહ્યું કે લોકો ખોટા નથી. જુઓ, આંગળીએ કોઢ છે પણ અહીં તો કહેવું છે કે જ્ઞાનીએ તૂકો લગાવ્યો પણ પૂર્વનાં પુણ્ય હતાં તો સાચું થઈ ગયું. શ્રાવકનો હેતુ તો ધર્મની નિંદા ન થાય એ હતો, મારા ગુરુને કોઢિયા કહે તે તેને રુચતું ન હતું.

શાસ્ત્રમાં વાત આવે છે કે રામચંદ્રજીએ વજ્રકર્ણ રાજાને સહાય કરી, શિહોદર રાજા મોટો હોવાથી તેને લૌકિક દૃષ્ટિએ વજ્રકર્ણે નમવું જોઈએ પણ તે જૈન સિવાય બીજાને નમતો ન હતો એટલે તેમને રામચંદ્રજીએ મદદ કરી. લૌકિક અપેક્ષાએ તો અન્યાય કહેવાય પણ પુણ્યશાળીને બધું સવળું પડી જાય છે, શિહોદરને બાંધ્યો તે અન્યાય બહાર આવ્યો નહિ અને સફળતા મળી.

સીતાજી સતી હતા. રામચંદ્રજીને કાળજામાં ખાતરી હતી કે સીતાજી સતી હતાં, છતાં લૌકિક ખાતર અગ્નિ પરીક્ષા કરી પણ પૂર્વનાં પુણ્યના કારણે બધી સફળતા મળી. સીતાજીને અન્યાય થયો હતો પણ સવળું પડી ગયું. હવે એ જ રામચંદ્રજી જ્યારે

સીતાજીને રાવણ હરી ગયો ત્યારે ઝાડે ઝાડે અને ડુંગરે ડુંગરે "સીતા છે" એમ પૂછતાં હતાં. લૌકિક અપેક્ષાએ આવું એક સામાન્ય મનુષ્ય પણ ન કરે. વળી વાસુદેવનું મૃત્યુ થાય છે ત્યારે બળદેવ કે જે ધર્માત્મા છે તે ખભે લઈને ફરે છે. આવું તો એક સાધારણ બુદ્ધિવાળો પણ ન કરે છતાં પુણ્યના કારણે તે ડાહ્યા કહેવાયા. બે ભાઈઓને ઘણો પ્રેમ હતો માટે એમ થયું. એ રીતે ધર્મીને પુણ્યના કારણે અવળું હોય તે સવળું પડી જાય છે.

વળી ધર્મી વેપાર-ધંધો ન કરતો હોય અને બીજાને તે આળસુ લાગે પણ તેને પુણ્યના કારણે નિધાન મળી આવે. ધર્મીને નિશ્ચયથી આત્માની શાંતિ હોય છે અને વ્યવહારથી પુણ્યનો ઉદય હોય તો બહારમાં પૈસા આદિ મળે છે એમ અહીં બતાવેલ છે. ધર્મીને તો કેવળજ્ઞાનરૂપી લક્ષ્મીનું નિધાન પ્રગટ થાય છે. બહારથી લક્ષ્મી પ્રાપ્ત થવી તે વર્તમાન પુરુષાર્થનું કાર્ય નથી, કાલની કઠિયારી હોય અને આજે દેવ થાય. એ પ્રમાણે ધર્મનું માહાત્મ્ય છે. અજ્ઞાની અધર્મી હોય અને પાપનો ઉદય હોય તો સવળું નાંખે તો ઊંધુ પડે છે. જ્ઞાનીને ચારિત્રનો જરા રાગ હોય છે પણ અંતરવેદન હોવાથી તે રાગને સવળાઈમાં લેવાય છે. આ ધર્મનું માહાત્મ્ય છે.

ભાવાર્થ:—અહીં આ અર્થ સમજવો કે જો પૂર્વે ધર્મ સેવ્યો હોય તો તેના પ્રભાવથી અહીં જૂઠ બોલે તે પણ સાચું બની જાય છે, ઉદ્યમ વિના સંપત્તિ મળી જાય છે, અન્યાયરૂપ વર્તે તોપણ તે સુખી રહે છે, અથવા કોઈ જૂઠવચનનો તુકો લગાવે તોપણ અંતમાં તે સાચો થઈ જાય છે તથા.

આગળ ધર્મ રહિત જીવોની નિંદા કહે છે.

देवो वि धम्मचत्तो मिच्छत्तवसेण तरुवरो होदि ।
चक्की वि धम्मरहिओ णिवडइ णरए ण संदेहो ॥ ४३५ ॥

અર્થ:—ધર્મ રહિત જીવ છે તે મિથ્યાત્વવશ દેવ પણ વનસ્પતિકાય એકેન્દ્રિય બની જાય છે તથા ધર્મ રહિત ચક્રવર્તી પણ નરકમાં પડે છે; તેમાં કોઈ સંદેહ નથી.

આ ઉપર કહેલા દશ પ્રકારના ધર્મથી રહિત જે જીવો છે તે મિથ્યાદષ્ટિ છે તેથી કદાચિત્ તે જીવ પુણ્યબંધ કરે તો દેવ પર્યાય પામી ત્યાંથી એકેન્દ્રિયાદિમાં પાછો ઊપજે છે કેમકે ધર્મ તો આત્મામાં છે એની એને ખબર નથી તે પુણ્યના ફળમાં દેવમાં જાય પણ ત્યાંથી ફૂલમાં ઊપજે છે. બ્રહ્મદત્ત ચક્રવર્તી નરકમાં ગયો છે કેમકે એને આત્માનું ભાન ન હતું. અહીં હીરાના પલંગમાં સૂતો હતો અને સોળ હજાર દેવ એની સેવા કરતા હતા પણ પોતાના આત્માનું શરણ ન હતું તેથી મરીને નરકે ગયો.

પહેલાં ધર્મમાં ફળનું વર્ણન કર્યું હતું. ધર્મી જીવોને પુણ્યબંધ થાય છે તેથી બહારમાં બધું સવળું હોય છે અને અજ્ઞાનીને મિથ્યાત્વના કારણે અંતરશાંતિ તો નથી પણ સારા પુણ્ય પણ તેને હોતા નથી. કદાચિત્ મંદકષાય કરે તો દેવલોકમાં જાય પણ ત્યાંથી પાછો સંસારમાં રખડે છે. [ ક્રમશઃ ] —*—

## ❋ બહેનશ્રીનો જ્ઞાનવૈભવ—વિમોચન–મહોત્સવ ❋

મુમુક્ષુજગતને જે પ્રકાશનની ચિર પ્રતીક્ષા હતી તે "બહેનશ્રીનો જ્ઞાનવૈભવ" નામના મહામહિમાવંત અમૂલ્ય ગ્રંથનું નવું પ્રકાશન પ્રથમવાર શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ તરફથી કરવામાં આવ્યું છે. તેનો વિમોચન–મહોત્સવ, આપણા આદરણીય પંડિરત્ન ઊંડા આદર્શ આત્માર્થી શ્રી હિંમતલાલભાઈ જેઠાલાલ શાહના ૮૮મા જન્મદિનના મંગલ અવસરે તા. ૨૫–૮–૯૫ના શુક્રવારના રોજ સાનંદ સંપન્ન થયો. આ પવિત્ર ગ્રંથના 'વિમોચન–મહોત્સવ'ના હર્ષોપલક્ષમાં, ટ્રસ્ટના મહામંત્રી / ટ્રસ્ટી શ્રી ચિમનલાલ ઠાકરશી મોદી તરફથી સ્વામીવાત્સલ્યભોજન રાખવામાં આવ્યું હતું. આ અવસરે 'બહેનશ્રીનો જ્ઞાનવૈભવ" પવિત્ર ગ્રંથને, સ્વર્ણ–રજત ત્રીપિઠીકાયુક્ત ગંધકૂટી પર બિરાજમાન કરીને, ભવ્ય રથયાત્રા કાઢવામાં આવી હતી. રથયાત્રાનો પ્રારંભ પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાનેથી શરૂ કરવામાં આવેલ અને સ્વાધ્યાયમંદિરે આવીને તેનું સમાપન કરવામાં આવ્યું. ત્યારબાદ પૂજ્ય ગુરુદેવશ્રીનું બહેનશ્રીના જાતિસ્મરણ ઉપરનું ટેપ–પ્રવચન અને વિમોચનવિધિ રાખવામાં આવેલા. ટ્રસ્ટના માનનીય પ્રમુખ શ્રીહસમુખભાઈવોરાના શુભહસ્તે વિમોચનવિધિ સંપન્ન થઈ હતી. આ ગ્રંથની પડતર કિંમત રૂા. ૭૫ છે પરંતુ મુમુક્ષુઓના લાભાર્થે આ અમૂલ્ય ગ્રંથની વેચાણ કિંમત માત્ર રૂા. ૨૦ રાખવામાં આવી છે. આ મહિમાવંત ગ્રંથના પ્રકાશન–હર્ષોલ્લાસમાં અનેક મુમુક્ષુઓ તરફથી સારી દાનરાશિ ( કુલ રૂા. દસ લાખથી વધુ ) જાહેર કરવામાં આવી હતી [ આ "બહેનશ્રીનો જ્ઞાનવૈભવ" ગ્રન્થ, ગુજરાતી તેમ જ હિન્દી 'આત્મધર્મ'ના ગ્રાહકોને શ્રી ગિરધરલાલ ઠાકરશી મોદી, મલાડ તરફથી ભેટ આપવામાં આવશે. આ અંકમાં અન્યત્ર છાપવામાં આવેલ 'ભેટ કુપન' પોતાનો ગ્રાહક નંબર, એડ્રેસ. પીનકોડ નંબર સહિત મોકલવું આવશ્યક છે. અન્યથા 'ભેટ–ગ્રંથ' મળવો સંભવ નથી. ] ત્યારબાદ ટ્રસ્ટના મહામંત્રી દ્વારા આદરણીય પંડિતજીના ૮૮મા જન્મ-દિનના હર્ષોપલક્ષમાં પ્રાસંગિક અભિવાદન તેમ જ પંડિતજીનો મુમુક્ષુ-સમાજ ઉપર શ્રી કુંદકુંદ પંચપરમાગમનો ગુર્જર ગદ્યપદ્યાનુવાદ આદિ અનેકવિધ ઉપકાર–ગુણાનુવાદ પ્રસ્તુત કરવામાં આવ્યો હતો.

અભિવાદન અંજલિ સમર્પિત કર્યા બાદ આદરણીય પંડિતજીએ અંતરથી નારાજગી વ્યક્ત કરતા, વૈરાગ્ય તેમ જ નિસ્પૃહતા ભરેલા પોતાના અંતરના વેદનભાવે નીચે પ્રમાણેના આશયનું સંક્ષેપમાં કહ્યું કે :—

"આપ સર્વે જે આ બધું અભિવાદન આદિ કરો છો તે મને સારું લાગતું નથી; હું કાંઈ વિશેષ નથી, હું પણ તમારામાંનો એક છું. આપણે બધા એક જ નાવના સમાન યાત્રી છીએ. આપણી નાવના નાવિક તો પરમ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રી છે. તે બન્નેના ઉપકારના સહારે આપણે બધાએ ભવસાગર તરી જવાનો મહાન પુરુષાર્થ કરવાનો છે. અને પરમાગમોના અનુવાદના વિષયમાં જે વાત કરી તે તો વસ્તુતઃ પૂજ્ય ગુરુદેવ તેમ જ પૂજ્ય બહેનશ્રીથી પ્રાપ્ત થયેલ અધ્યાત્મદૃષ્ટિનું સુફળ છે. તે બન્ને મહાપુરુષોની કૃપાભીની કલ્યાણી પ્રેરણાથી જ મેં અનુવાદ કરવાનું સાહસ કર્યું અને તેઓના જ પુનીત પ્રતાપે તે અનુવાદ પૂરા થયા. મને એ વાતનો પૂરો સંતોષ છે કે તે બન્ને અનુભવમૂર્તિ મહાત્માઓની મને આત્મસાધનામાં લાભ થાય એવી અસાધારણ કૃપા મળી અને અનુવાદકાર્ય દ્વારા તેઓએ આપેલી અધ્યાત્મદૃષ્ટિ વિશેષ વિકસિત તેમ જ દૃઢ થઈ. મારામાં જે કાંઈ છે તે બધું તેઓનું જ છે. મને આ અભિવાદન અને આભાર–દર્શન આદિની કોઈ સ્પૃહા નથી. મારા પ્રત્યે અભિવાદન આદિની પ્રથા હવે બંધ થઈ જવી જોઈએ એવો મારો નમ્ર અનુરોધ છે. આ પ્રથાથી મને તો, જાણે કે ઉપસર્ગ આપી રહ્યા હો એવું અંતરમાં દુઃખ થાય છે. મને તો અંતરમાં આ એક જ ભાવના રહે છે કે મારો આત્મા, તે બન્ને આત્માનુભવી જ્ઞાનીઓના ઉપકાર–પ્રતાપે, આ દુઃખપ્રચુર ભવાગ્નિથી છૂટીને શાશ્વત શાંતિ અને સુખમય મોક્ષ-દશાને શીઘ્ર પ્રાપ્ત કરે."

આદરણીય પંડિતજીના આ નિઃસ્પૃહતા, નમ્રતા તેમ જ વૈરાગ્યભીના અંતરના વેદનભાવને સાંભળીને અનેક મુમુક્ષુ ઉપકૃતભાવથી ગદ્‌ગદ્‌ થઈને તેમના પ્રતિ સાદર નતમસ્તક બની ગયા હતા.

આ મંગલ અવસરે મુંબઈ, રાજકોટ, અમદાવાદ, ભાવનગર, ખંડવા, દિલ્હી, ઉદયપુર, બોટાદ, સુરેન્દ્રનગર ઈત્યાદિ અનેક સ્થળેથી ૫૦૦થી વધુ મુમુક્ષુ મહેમાનો પધાર્યા હતા.

અહો ! જયવંત વર્તો મંગલમય "બહેનશ્રીનો જ્ઞાનવૈભવ" કે જેમણે અપણા પરમ તારણહાર પૂજ્ય કહાનગુરુદેવના 'તીર્થંકર'–દ્રવ્યત્વ પ્રકાશિત કર્યું.

[ તા. ૧૧-૯-૯૫ ]

## સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના જ્ઞાન–વૈરાગ્ય-ભક્તિભીના મધુર તત્ત્વાવધાનમાં અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે.

પ્રાતઃ પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો–ટેપ
પ્રાતઃ જિનેન્દ્ર–દર્શન-પૂજા
સવારે ૮–૩૦ થી ૯–૩૦ : શ્રી સમયસાર પર પૂજ્ય ગુરુદેવશ્રીનું આધ્યાત્મિક ટેપ–પ્રવચન
બપોરે ૩–૩૦ થી ૪–૩૦ : શ્રી નિયમસાર શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું આધ્યાત્મિક ટેપ–પ્રવચન
બપોરે ૪–૩૦ થી ૪–૪૫ : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ
બપોરે ૪–૪૫ થી ૫–૩૦ : જિનેન્દ્રભક્તિ
સાંજે ૮–૦૦ થી ૯–૦૦ : પૂજ્ય ગુરુદેવશ્રીનું 'શ્રી યોગસાર' ઉપર ભાવવાહી ટેપ–પ્રવચન.

દશલક્ષણ પર્યુષણપર્વ : ભાદરવા સુદ ૫ બુધવાર, તા. ૩૦–૮–૯૫થી ભાદરવા સુદ ૧૪, શુક્રવાર, તા. ૮–૯–૯૫ દસ દિવસ સુધી 'શ્રી દશલક્ષણ પર્યુષણપર્વ' દશલક્ષણ મંડલવિધાનપૂજા તથા મુનિધર્મ–મહિમાયુક્ત અધ્યાત્મજ્ઞાન, વૈરાગ્ય તેમ જ ભક્તિની ઉપાસનાપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. બહારગામથી ઘણા મહેમાનો આવ્યા હતા. ભાદરવા સુદ ૧૩ થી ૧૫ શ્રી રત્નત્રયધર્મ પણ ઉજવવામાં આવ્યો હતો.

દશલક્ષણવિધાન પ્રસંગે કાયમી મંડલવિધાનપૂજા—

(૧) સ્વ. દેવજીભાઈ રાયશીભાઈના સ્મરણાર્થે હસ્તે દેવકુંવરબેન દેવશીભાઈ તથા પરિવાર, લંડન

(૨) શ્રી અનોપચંદભાઈ મૂળજીભાઈ ખારા પરિવાર, રાંચી

(૩) શ્રી જડાવબેન નાનાલાલભાઈ જસાણી પરિવાર, મુંબઈ

(૪) શ્રી કળાબેન હસમુખભાઈ પોપટલાલ વોરા, મુંબઈ

(૫) શ્રી નવલચંદભાઈ જગજીવનભાઈ શાહ હ. મુક્તાબેન, સોનગઢ

(૬) શ્રી ગંગાબેન વેલજીભાઈ હરીયા પરિવાર લંડન

(૭) શ્રી વસંતબેન કનુભાઈ દામાણી, અમદાવાદ

**પ્રાસંગિક મંડલવિધાનપૂજા**—(૧) રાણપુરનિવાસી (હાલ મુંબઈ) શ્રી ન્યાલચંદ મણીલાલ ગોપાણીના સુપુત્ર રાકેશના લગ્ન નિમિત્તે (૨) શ્રી મનસુખલાલ છોટાલાલ ઓબાળિયા, હ. ઉલ્લાસભાઈ, મુંબઈ (૩) સ્વ. શાંતાબેન ગોવિંદજીના સ્મરણાર્થે હ. બ્ર. સુશીલાબેન (કચ્છી) (૪) શ્રી હિંમતલાલ છોટાલાલ ઓબાળિયા, હ. નવીનભાઈ, મુંબઈ (૫) શ્રી સુલોચનાબેન નાગદાસ ગાંધી, હ. મધુબેન ધીરજલાલ ભાયાણી

—તરફથી રાખવામાં આવી હતી.

**ઉત્તમ ક્ષમાવણીપર્વ :** ભાદરવા વદ ૧, શનિવાર, તા. ૯–૯–૯૫ના રોજ પૂજાભક્તિ અને સમૂહ-ક્ષમાવણીપૂર્વક ક્ષમાવણીપર્વ ઉજવવામાં આવ્યો હતો. બહારગામથી ઘણા મહેમાનો ક્ષમાપનાર્થે આવેલાં. આ પ્રસંગે શ્રી ભગવાનજી કચરાભાઈ શાહ, લંડન તરફથી (કાયમી) સ્વામીવાત્સલ્યભોજન રાખવામાં આવ્યું હતું તેમ જ શ્રી વિમળાબેન સારાભાઈ શાહ તથા પરિવાર તરફથી પ્રાસંગિક જમણ રાખવામાં આવ્યું હતું.

**મહાવીરનિર્વાણ–પંચાહ્નિક–મહોત્સવ :**

પ્રતિવર્ષ અનુસાર 'શ્રી મહાવીર–નિર્વાણકલ્યાણક' દીપાવલીનો મંગળ અવસર આસો વદ ૧૧, શુક્રવાર તા. ૨૦–૧૦–૯૫થી આસો વદ અમાસ, મંગળવાર, તારીખ ૨૪–૧૦–૯૫—પાંચ દિવસ સુધી શ્રી મહાવીર–કુંદકુંદ દિગંબર જૈન પરમાગમમંદિરમાં 'શ્રી જિનેન્દ્ર–પંચકલ્યાણકમંડલ વિધાનપૂજા', મહાવીરજિનેન્દ્રભક્તિ તેમ જ અધ્યાત્મ જ્ઞાનોપાસના વગેરે વિવિધ કાર્યક્રમ સાથે ઉજવવામાં આવશે.

**સુપ્રભાતદિન :** નૂતનવર્ષનો મંગલ સુપ્રભાતદિન કારતક સુદ–૧, બુધવાર, તા. ૨૫–૧૦–૯૫ પૂજાભક્તિ તેમ જ પૂજ્ય ગુરુદેવશ્રીના સુપ્રભાત–પ્રવચન આદિ કાર્યક્રમ પૂર્વક ઉજવવામાં આવશે.

**પંચકલ્યાણક–મંડલવિધાનપૂજા (કાયમી):**—૧. પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેન, સોનગઢ; ૨. બ્ર૦ ચંદુલાલભાઈ ઓબાળિયા (તેમના પિતાશ્રી સ્વ૦ ખીમચંદભાઈ છોડાલાલ ઓબાળિયાની પુણ્ય સ્મૃતિ નિમિત્તે) સોનગઢ; ૩. શ્રી નવલચંદભાઈ જગજીવન શાહ, હા૦ મુક્તાબેન, સોનગઢ; ૪. શ્રી જડાવબેન નાનાલાલભાઈ જસાણી–પરિવાર, મુંબઈ; ૫. શ્રી નિર્મળાબેન ઉદાણી તથા મંજુલાબેન ડગલી (તેમનાં માતુશ્રી સ્વ૦ ત્રિવેણીબેન નરોત્તમદાસ શાહના સ્મરણાર્થે); ૬. શ્રી ગંગાબેન પ્રેમચંદભાઈ શાહ (હા૦ અજિતભાઈ તથા કિશોરભાઈ), નાઇરોબી; ૭. શ્રી અરુણભાઈ પૂનમચંદભાઈ દોશી (હા૦ અ. સૌ. મીનાબેન અરુણભાઈ દોશી તથા તથા શ્રી કિરણભાઈ કામદાર), મુંબઈ; ૮. શ્રી તારાબેન કપૂરચંદ કોઠારી, નંદરબાર તથા તેમનાં માતુશ્રી ચંપાબેન પોપટલાલ

ગોસળિયા, ચુડા; ૯. બ્ર૦ શારદાબેન તથા બ્ર૦ સુશીલાબેન ( તેમનાં માતુશ્રી સ્વ. મોતીબેન જગજીવન શાહના સ્મરણાર્થે ), સુરેન્દ્રનગર; ૧૦. સ્વ. નવીનચંદ્ર દામોદરભાઈ મોદીના સ્મરણાર્થે, હા. પ્રભાબેન, બ્ર૦ નીલાબેન, બ્ર૦ તરુણાબેન, યોગેશભાઈ, અ. સૌ. શીલાબેન ડૉ. સ્મિતાબેન, ચિદ્રૂપ તથા જિનેન્દ્રા, અમદાવાદ; ૧૧. શ્રી મનસુખલાલ હરિલાલ દોશી, હા. શ્રી પુષ્પાબેન મનસુખલાલ દોશી, મુંબઈ; ૧૨. બ્ર૦ કોકિલાબેન તથા શ્રી રૂપાબેન ખારા, સોનગઢ; ૧૩. શ્રી નીકી કિરીટકુમાર દોશીની પુણ્ય સ્મૃતિ અર્થે (હા. શ્રી કિરીટકુમાર મનસુખલાલ દોશી તેમ જ નીતાબેન કિરીટકુમાર દોશી, ઘાટકોપર તથા ઈન્દુબેન ચંપકલાલ સંઘવી અને ચંપકલાલ વિક્રમચંદ સંઘવી; ૧૪. શ્રી વીણાબેન ભદ્રેશભાઈ તલાટી મુંબઈ—તરફથી રાખવામાં આવશે.

## સોનગઢમાં સમવસરણ–સ્તુતિની શિલાપટ–ઉત્કીર્ણ–વિધિ

તા. ૧૧–૮–૯૫ના રોજ આદરણીય પં. શ્રી હિમ્મતલાલ જેઠાલાલ શાહના શુભ હસ્તે સમ્પન્ન થઈ. આ શિલાપટ સોનગઢના સમવસરણમંદિરમાં લગાડવામાં આવશે. આ ઉત્કીર્ણ–વિધિના હર્ષોપલક્ષમાં મુમુક્ષુદાતાઓ તરફથી કુલ રૂા. ૧૪,૮૯૫ જાહેર કરવામાં આવ્યા હતા.

## * વાંકાનેરમાં સમવસરણ–શિલાન્યાસ–સાનંદ–સંપન્ન *

પૂજ્ય બહેનશ્રીના સમ્યક્ત્વ–સાધનાધામ વાંકાનેર ( સૌરાષ્ટ્ર )માં નિર્માણાધીન શ્રી સીમંધરસ્વામી સમવસરણમંદિરનો શિલાન્યાસ મહોત્સવ તા. ૧૦–૮–૯૫, ગુરુવાર, રક્ષાબંધનપર્વના દિને મુમુક્ષુઓના હર્ષોલ્લાસપૂર્વક સાનંદ–સંપન્ન થયો. આ શુભ અવસરનો લાભ લેવા માટે બહારગામથી ૧૫૦૦થી વધુ મુમુક્ષુઓ વાંકાનેર આવ્યા હતા. શિલાન્યાસની મંગલવિધિ આપણા આદરણીય પંડિતરત્ન શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ તેમ જ તેના ભાઈ શ્રી વ્રજલાલ શાહ–પરિવાર ( હસ્તે શ્રી જિતુભાઈ શાહ )ના શુભહસ્તે સંપન્ન થઈ હતી. શ્રી સમવસરણ–નિર્માણ તથા શિલાન્યાસ પ્રસંગના ઉપલક્ષમાં શ્રી વાંકાનેર દિ. જૈનસંઘને રૂા. દસ લાખથી વધુ આવક થઈ હતી. સમવસરણ–નિર્માણમૂલ્યમાં 'નકરા'નો લાભ વાંકાનેરનિવાસી સમસ્ત સપાણી–પરિવાર, તેમના સગાસંબંધીઓ તેમ જ શુભેચ્છકોએ લીધો હતો. તા. ૯–૮–૯૫ના સાંજનું જમણ વાંકાનેરનિવાસી હાલ–મુંબઈ શ્રી અભેચંદભાઈ કરશનજી દોશી ( શ્રી મહેન્દ્રભાઈ સપાણીના સાળાઓ ) તરફથી તેમજ તા. ૧૦–૮–૯૫ના સવારનો નાસ્તો વાંકાનેરનિવાસી ( હાલ કલકત્તા ) શ્રી હિમ્મતલાલ છગનલાલ મહેતા ( શ્રી કિશોરભાઈના બનેવી ) તરફથી તથા જમણ શ્રી ચંદ્રમણિબેન મણિલાલ શાહ તથા બ્ર. કંચનબેન મગનલાલ ચૂડગર, સોનગઢ ( હસ્તે શ્રી વિકાસભાઈ શાહ, ભાવનગર ) તરફથી રાખવામાં આવ્યું હતું.

ધાર્મિક શિક્ષણવર્ગ :—અધ્યાત્મવિદ્યાધાધામ શ્રી સુવર્ણપુરીમાં પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ૮૨મી મંગલકારી જન્મજયંતીના સ્વર્ણીમ અવસરે પ્રતિવર્ષાનુસાર ૨૦ દિવસ માટે તા. ૨૫-૭-૯૫ થી તા. ૧૨-૮-૯૫ સુધી પ્રૌઢ શિક્ષણાર્થીઓ માટે 'ધાર્મિક શિક્ષણવર્ગ' રાખવામાં આવ્યો હતો. ઉત્તમવર્ગમાં બ્ર. ચંદુભાઈ ઝોબાળિયા દ્વારા સવારે પ્રવચનસાર ગાથા ૧૦૬ થી ૧૧૪ ઉપર તથા સાંજે મોક્ષમાર્ગપ્રકાશક સાતમા અધિકારમાંથી 'સાત તત્ત્વનું અન્યથા સ્વરૂપ' ઉપર તથા મધ્યમવર્ગમાં બ્ર. વ્રજલાલભાઈ શાહ દ્વારા સવારે જૈનસિદ્ધાંતપ્રશ્નોત્તરમાળા ઉપર અને સાંજે મોક્ષમાર્ગપ્રકાશક ઉપર શિક્ષણ આપ્યું હતું. હિન્દીભાષી શિક્ષણાર્થીઓની સંખ્યા ઘણી હતી.

પૂજ્ય બહેનશ્રીની ૮૨મી જન્મજયંતી પ્રસંગે નીચે મુજબ આવક થઈ હતી

| | |
|---|---|
| રૂા. ૧,૧૧,૦૦૦ | પ્રસંગ આયોજન |
| ૫૪,૮૫૮ | ૬૬૯ × " ૮૨ " જન્મજયંતીના ઉપલક્ષમાં |
| ૪૫,૨૦૭ | જિનેન્દ્ર-રથયાત્રાની બોલી |
| ૧૫,૦૧૫ | વધાઈ-૧૦૦૧ × ૧૫ |
| ૯૮,૬૯૭ | વધાઈ-૫૦૧ × ૧૯૭ |
| ૦૬,૦૦૬ | પ્રાસંગિક મંડલવિધાનપૂજા |
| ૨૫,૪૨૪ | જન્મવધાઈની છૂટક રકમ, રથયાત્રા તથા પારણાઝૂલન છૂટક રકમ |
| ૧૨,૮૯૨=૫૦ | જિનેન્દ્ર-આરતીની બોલી |
| ૧,૨૭,૧૬૦ | પંચપરમાગમ શ્રુતફંડ આદિ અન્ય ખાતે |
| ૩૦,૧૦૧ | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને ચિત્રપટ સમક્ષ છ માસમાં આવેલ રકમ જ્ઞાન ખાતે |
| ૧,૧૨,૦૦૦ | પૂજ્ય બહેનશ્રીની ઓડિયો કેસેટ વિમોચન ખુશાલીમાં |
| ૧૪,૮૫૫ | સમવસરણસ્તુતિ-ઉત્કીર્ણનના અવસરે |
| કુલ રૂા. ૬,૫૩,૨૧૫=૫૦ | |

## * નાઇરોબીમાં ગુરુ-પ્રતિકૃતિ-સંસ્થાપન-મહોત્સવ *

કેન્યાના પાટનગર નાઇરોબી શહેરમાં કૃપાળુ પૂજ્ય ગુરુદેવના પ્રતાપે જિનમંદિર, સ્વાધ્યાયમંદિરનું નિર્માણ થયેલ છે. ત્યાં આપણા તારણહાર કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની પ્રતિકૃતિ (સ્ટેચ્યુ) બિરાજમાન કરવાનો શ્રી નાઇરોબી દિ. જૈન મુમુક્ષુ-મંડળ તરફથી નિર્ણય કરવામાં આવેલ હતો. તદનુસાર તા. ૩-૯-૯૫ના રોજ પ્રતિકૃતિ બિરાજમાન કરવામાં આવી હતી. બિરાજમાન કરવાની મંગલવિધિ તેમ જ પર્યુષણપર્વ પ્રસંગે પ્રવચન કરવા માટે બ્ર. વ્રજલાલભાઈ શાહ (વઢવાણ) તથા તેમની સાથે શ્રી રમેશભાઈ (વઢવાણ ભજન મંડળી), મનીષભાઇ તેમ જ શ્રી ધવલભાઈ મહેતા તથા સોનગઢથી બ્ર. બહેનો આદિ ગયા હતા. બિરાજમાન કરાવવાની બોલી નાઇરોબીનિવાસી શ્રી બટુકભાઇ માલદેએ રૂા. ૨૨ લાખમાં લીધી હતી. આ મંગળ અવસર અતિ આનંદોલ્લાસપૂર્વક સમ્પન્ન થયો હતો.

[ પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર...ટાઇટલ ૩થી ચાલુ ]

તું નિઃસંદેહ થા, વિશ્વાસ લાવ, પંચમ આરો કે ઓછા પુણ્ય કે ઓછપને લક્ષમાં ન લે, તું પૂરણ પરમાત્મતત્ત્વ છો ને તેપણે પરિણમવાને લાયક જ છો. અભવ્ય જેમ પરિણમવાને લાયક નથી તેમ નિત્યનિગોદના જીવ પરિણમવાને લાયક નથી એમ નથી. તો પછી તું જિજ્ઞાસાથી આ સાંભળવા આવ્યો છો માટે તું પરિણમી શકે એવો છો—એમ નિઃસંદેહ થા, ભલે કોઈ રાગાદિ હોય પણ એ તને નડતર નથી, એ તો જ્ઞાનના જ્ઞેય તરીકે વિષય છે. માટે તું હીણપ ને ઓછપનો આશ્રય છોડ ને સ્વભાવપણે પરિણમવાને લાયક જ છો એમ નિઃસંદેહ થા! ૨.

## વૈરાગ્ય સમાચાર :—

* દાદરનિવાસી શ્રી સારાભાઈ ચીમનલાલ પરીખ (—તે શ્રી રમેશભાઈ તથા દીપકભાઈ વિંછિયાવાળાના પિતાશ્રી) (વર્ષ–૭૮) તા. ૧૦–૫–૯૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ સંપ્રદાયના સમયથી પૂજ્ય ગુરુદેવશ્રીના સત્સંગનો લાભ લેતા હતા. સોનગઢની સૌ પ્રથમ થયેલ શિક્ષણશિબિરના તેઓ શિક્ષણાર્થી હતા. સ્વભાવે શાંત ઉપરાંત તત્ત્વરસિક જિજ્ઞાસુ હતા.

* જામનગરનિવાસી સ્વ. રમણીકલાલ નથુભાઈ મહેતાના ધર્મપત્ની શ્રી જયાબેન (વર્ષ–૬૩) તા. ૨૨–૭–૯૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ વારંવાર સોનગઢ આવીને ઘણો સમય રહીને ખૂબ લાભ લેતા હતા; તત્ત્વરસિક જિજ્ઞાસુ હતા.

* લાઠીનિવાસી (હાલ-ભાવનગર) સ્વ. ત્રંબકલાલ મૂળજીભાઈના ધર્મપત્ની શ્રી જશુમતિબેન (વર્ષ–૭૦) તા. ૨૪–૭–૯૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* સોનગઢનિવાસી સ્વ. શ્રી નાગરદાસ દેવચંદ મોદીના જમાઈ શ્રી જમનાદાસ અભેચંદભાઈ શાહ તા. ૩૧–૭–૯૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ નિયમિત દેવદર્શન-પૂજા તથા પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા પ્રરૂપિત તત્ત્વનું શ્રવણ-વાંચન કરતા હતા.

* ભાવનગરનિવાસી શ્રી મંજુલાબેન લક્ષ્મીકાંત શાહ (વર્ષ–૬૨) તા. ૧૧–૮–૯૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* સુરેન્દ્રનગરનિવાસી શ્રી નિરંજનકુમાર રમણિકલાલ શાહના ધર્મપત્ની શ્રી નલિનીબેન (વર્ષ–૪૪) તા. ૧૬–૮–૯૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. બિમારીની અસહ્યવેદના વચ્ચે પણ તેઓએ તત્ત્વશ્રવણ આદિ પૂર્વક ઘણું સમાધાન રાખેલ હતું.

—પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના. —*—

## ❋ " બહેનશ્રીની અમૃતવાણી " કેસેટ-વિમોચન ❋

પ્રશમમૂર્તિ ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ઓડિયો કેસેટમાં ઉતરેલી તત્ત્વચર્ચાનું સંકલન કરીને (૯૦ મિનિટવાળી) છ કેસેટના સેટનું—પૂજ્ય બહેનશ્રીની ૯ કલાકની અમૃતવાણીનું—વિમોચન તા. ૮-૮-૯૫ના રોજ સવારે ૮-૪૫ વાગે ટ્રસ્ટના પ્રમુખ શ્રી હસમુખભાઈ વોરાના શુભ હસ્તે, આદરણીય પંડિત શ્રી હિમ્મતલાલ જેઠાલાલ શાહની ઉપસ્થિતિમાં સમ્પન્ન થયું. ૬ કેસેટના સેટની કિંમત ૧૫૦ રૂપિયા થતી હતી. પરંતુ પાંચ દિવસ માટે રૂા. ૫૦ માં આપવામાં આવી હતી. ડિસ્કાઉન્ટ માટે મુમુક્ષુદાતાઓ તરફથી કુલ રૂા. ૧,૧૨,૦૦૦ ની દાનરાશિ પ્રાપ્ત થઈ હતી. આ પાંચ દિવસમાં ૯૩૦ સેટ (૫૫૮૦ કેસેટ)નું વેચાણ થયું હતું.

—❋—

અમેરિકામાં ઉજવાયેલ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની

## ⊞ ૮૨મી મંગલકારી જન્મજયંતી ⊞

જૈન સોસાયટી ઓફ મેટ્રોપોલિટન, શિકાગો (અમેરિકા)ના જૈન સેન્ટરમાં તા. ૧૩-૮-૯૫, રવિવારના રોજ "આત્માનુભવી પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન"ની ૮૨મી મંગલકારી જન્મજયંતી વિભિન્ન મુમુક્ષુઓ દ્વારા અતિ આનંદોલ્લાસ સહ ઉજવાઈ હતી. (મુમુક્ષુઓની સુવિધા માટે ૧૨મીના બદલે ૧૩મીના રોજ ઉજવેલ હતી.) તેમ જ પર્યુષણપર્વ પણ બહુ હર્ષોલ્લાસપૂર્વક ઉજવાયેલ હતો.

વધુ જાણકારી માટે:—

JYOTINDRA N. DOSHI
531 E LINCLON ST.
MT PROSPECT, IL 60056-3329 U. S. A.
Phone : (708) 392-4577

# * પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર *

* પ્રભુ! તારા દ્રવ્યની મોટપની તો શી વાત કરવી! પણ અનંતા સિદ્ધોને તારી પર્યાયમાં સ્થાપ્યા ત્યાં હવે તને રાગનો આદર રહેશે નહીં, હવે તું અલ્પજ્ઞપણે રહી શકશે નહીં, હવે સર્વજ્ઞ સ્વભાવમાં જ તું જઈશ ને સર્વજ્ઞ થઈશ એમ તું નિઃસંદેહ જાણ. અમે આ વાત કહીએ છીએ ત્યાં તું ભવિ-અભવિનો તો પ્રશ્ન જ રાખીશ નહીં પણ સિદ્ધ થતાં અનંતકાળ થશે એ પણ રાખીશ નહીં; જેમ સિદ્ધ થવાને સમકિત પછી અસંખ્ય સમય જ જોઈએ, અનંત સમય ન જોઈએ, તેમ અહીંયા તારામાં સિદ્ધોને સ્થાપીએ છીએ ત્યારે પ્રભુ! વિશ્વાસ કરજે. પ્રભુ! અંદર વિશ્વાસ કરજે કે અમે આત્માની આવી વાત સાંભળવાને લાયક થયા ને પ્રભુએ અમારી યોગ્યતા દેખીને અનંતા સિદ્ધો સ્થાપ્યા છે. પ્રભુએ શ્રોતાઓને સાગમટે નોતરું આપ્યું છે. તમે બધા શ્રોતાઓ સિદ્ધ થવાને લાયક છો હો! તેથી તમારામાં અમે સિદ્ધપણું સ્થાપીએ છીએ અને અમે એ વાત શરૂ કરીએ છીએ એટલે કે તમારે પણ ત્યાં સુધી સાંભળવાની તૈયારી રાખવી પડશે. ૧.

* પંચમ આરાના મુનિ પંચમ આરાના અપ્રતિબુદ્ધ શ્રોતાઓને સમજાવે છે કે નિત્યનિગોદના જીવને પણ અંતરમાં સ્વભાવપણે પરિણમવાની તાકાત છે, ભલે નિગોદમાં ન પરિણમી શકે પણ નિગોદને [illegible] કરીને, મનુષ્ય થઈને પંચમ પારિણામિકભાવનો અનુભવ કરીને સિદ્ધનો સાદિ-અનંત ભાવ પ્રગટ કરી શકે છે, તો હે જિજ્ઞાસુ! તું તો નિગોદમાંથી બહાર નીકળ્યો છે, મનુષ્યપણું પામીને પંચમ પરમભાવને [illegible] જિનવાણી સાંભળવા આવ્યો છે, સાંભળે છે તો તું પરમાત્મપણે પરિણમી શકે એવો જ છે. અમે તને કહીએ છીએ કે તું સ્વભાવપણે પરિણમવાને લાયક જ છો માટે સંદેહ ન કર, નિઃસંદેહ થા. અમે તને [illegible] કે તું સ્વભાવપણે પરિણમવાને લાયક છો, તો પછી તું [illegible] થતો નથી? અમે તો ભગવાનને અનુસરીને તને આ [illegible]

[ અનુસંધાન માટે જુઓ પાનું-૨૯ ]

## 卐 અમૃતકુંભ 卐

* આ આત્મા એ જ જિનવર છે, અનાદિકાળથી જિનવર છે. આહાહા! અનંતા કેવળજ્ઞાનની વેલડી છે. પોતાનો આત્મા જ અમૃતનો કુંભ છે, અમૃતની વેલડી છે, એના પર એકાગ્ર થવાથી પર્યાયમાં જિનવરના દર્શન થાય છે, પરમાત્મા પ્રગટ થાય છે, તેને સમ્યગ્દર્શન કહે છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ

દોષ ન ગહિયો કોય, ગુણ ગહ પઢિયે ભાવસોં,
ભૂલચૂક જો હોય, અર્થ વિચારી જુ શોધિયો.

જાણ્યે- અજાણ્યે જે કાંઈ અપરાધ થયા હોય તે સર્વની આત્મધર્મ-પરિવાર ક્ષમા માગે છે.

—સંપાદક

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ—૩૬૪૨૫૦

If undelivered please return to :-
Shree Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 ( INDIA )

Licence No. 21 ' Licensed to
Post without prepayment '

મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ
આજીવન સભ્ય ફી : ૧૦૧/-
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૨૦૧/-
વાર્ષિક લવાજમ : રૂા. ૯/-
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૧૮/-
[ વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે વાર્ષિક રૂા. ૧૬૮/- પોસ્ટેજના અલગ ]